શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૮ અંક-૭ જુલાઇ - ૨૦૧૬

પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

World Yoga day at SGVP

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદને આંગણે ઉજવાયો ભવ્ય રથયાત્રા મહોત્સવ,
રથયાત્રાનું પ્રસ્થાન કરાવતા સદ્‌ગુરુ સંતો સાથે ભારત સરકારના કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમભાઇ રૂપાલા તથા મહાનુભાવો

SGVP ને આંગણે ઉજવાયેલ ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે સદ્‌ગુરુ પૂજન કરવા પધારેલા ભક્તજનો

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૮, જુલાઈ : ૨૦૧૬, અંક : ૭

પ્રકાશક	: પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	: પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	: શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	: હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર	: જી. વિઝન
મુદ્રક	: સૂર્યા ઓફસેટ

છુટક અંક	: રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar

આજ સખી ઉત્સવનો દહાડો...

આજ સખી ઉત્સવનો દહાડો,
અવતરિયા અવિનાશી રે;
જેનો વેદ વખાણે છે મહિમા,
તે આ કુંજવિલાસી રે. આજ. ૧

ચાલો સખી સૌ મળી જઈએ,
નંદ તણે આંગણીએ રે;
અંતરગત એકાંતિક વાતું,
ભૂધરજીને ભણીએ રે. આજ. ૨

ગ્વાલ બાલ સહુ મંગલ ગાવે,
વદત વધાઈ વધાઈ રે;
પ્રેમીજન કારણ હરિ પ્રગટ્યા,
સુંદર વર સુખદાઈ રે. આજ. ૩

પારણિયે નટવરજી પોઢ્યા,
ચાલો પાસે જઈએ રે;
બ્રહ્માનંદના વહાલા કેરાં,
બાળ સંગાથી થઈએ રે. આજ. ૪

શ્રાવણ માસ મહિમા

- પાર્ષદ શામજીભગત

આધુનિક શિક્ષણ અને ભૌતિક સુખ સુવિધાભરી જીવન પદ્ધતિમાં આપણે આપણા ભારતીય જીવનમૂલ્યો ભૂલી રહ્યા છીએ.

અંગ્રેજી ભાષા અને ટેલિવિઝન, મોબાઈલ, કોમ્પ્યુટર જેવા સાધનોએ આપણને સંસ્કૃત-સંસ્કૃતિથી તો વિમુખ કરી દીધા છે, પરંતુ આપણી માતૃભાષા ગુજરાતીનો કક્કો, ગુજરાતી મહિના, તહેવારો અને ગુજરાતી જીવન પદ્ધતિમાંથી પણ બહાર કાઢી મૂક્યા છે.

ગુજરાતી કક્કાને પણ હવે ગુજરાતી આલ્ફાબેટ તરીકે ઓળખવા પડે એવી સ્થિતિમાં આજે એક એવા અક્ષર, શબ્દ, માસ અને તહેવારો સાથે જોડાયેલ આપણી સંસ્કૃતિની વાત લઈને આ ઓગસ્ટ, ૨૦૧૬ના ગુરુકુલ દર્શનના અંકમાં શ્રાવણ મહિનાના મહત્ત્વની વાતો પ્રકાશિત કરવી છે.

'શ્ર' એવો અક્ષર છે કે તેને ગુજરાતી કક્કામાં સીધું સ્થાન મળેલ નથી. એ કક્કામાં આવતા ચાર ઉષ્માક્ષરો 'શ,સ, ષ,હ' માહેનો પ્રથમ ઉષ્માક્ષર 'શ'માંથી 'ર' વ્યંજન જોડવાથી 'શ્ર' બને છે. બધા વર્ણોમાં કેટલાક શુભ વર્ણ મનાય છે, તેમાં 'શ્ર' નું સ્થાન શુભ, મંગલ અને શાંતિદાયક મનાય છે. તેથી 'શ્ર'થી શરૂ થતા શબ્દો શ્રદ્ધા, શ્રવણ, શ્રમ, શ્રી, શ્રુતિ, શ્રાદ્ધ, શ્રાવણ વગેરે પવિત્ર, મંગલકારી અને કલ્યાણકારી ગણાય છે. આ અર્થમાં શ્રાવણ મહિનો બારેય મહિનામાં અને ખાસ કરીને ચાતુર્માસમાં પરમ પવિત્ર મહિમાવંત મનાયો છે.

ભારતીય વિક્રમ સંવત્ પ્રમાણે શ્રાવણ મહિનો ૧૦મો મહિનો છે અને ચોમાસુ અથવા ચાતુર્માસનો બીજો મહિનો છે. શ્રવણ ૨૭ નક્ષત્રોમાં એક નક્ષત્ર છે, જેમાં આ નક્ષત્ર સંધ્યાકાળે ઉદય થાય અને પ્રાતઃકાળે અસ્ત થઈ જાય એ શ્રવણ નક્ષત્રના સમયને શ્રાવણ માસ તરીકે ઓળખવામાં આવે છે. શ્રાવણ માસમાં ભક્તિ, તપ, વ્રત-જપ-નિયમ અને દાન આપવું તેમજ કથાવાર્તા શ્રવણ કરવી, કથા કહેવી વગેરે મહાન ફળ આપનારા છે.

શ્રાવણ માસના પ્રારંભથી જ શિવાલયોમાં 'હર હર મહાદેવ'ના મંત્રઘોષ સાથે અપાર શ્રદ્ધા-ભક્તિના દર્શન થાય છે. આ મહિનામાં દરેક સોમવારે વ્રત રાખવામાં આવે છે. પ્રત્યેક સોમવારના વિશેષ વ્રતના ફળ પણ અલગ અલગ નોંધાયા છે. શ્રાવણ માસના સ્વામી સદાશિવ હોવાથી શિવપૂજન માટે આ માસ ઉત્તમ ગણાય છે.

ચાતુર્માસ એટલે ચોમાસાના ચાર મહિના. જે મુખ્યત્ત્વે વરસાદનો સમય છે. શ્રાવણ મહિનામાં પણ વરસાદ ખૂબ આવે છે, તે અંગે વર્ષાની એંધાણીના ભડલી વાક્યોની નોંધમાં શ્રાવણ વિષે ભડલી વાક્ય આ પ્રમાણે છે.

'શ્રાવણ સુદિ સાતમી, સ્વાતિ ઉગે સૂર્ય,
ડુંગર બાંધો ઝૂંપડા, પાદર આવે પૂર.'

અર્થાત્ શ્રાવણ મહિનામાં શુક્લ પક્ષમાં સ્વાતિ નક્ષત્રમાં સૂર્યોદય થાય અથવા સૂર્યોદય સમયે સ્વાતિ નક્ષત્રમાં વરસાદ પડે તો ખૂબ જ ભારે વર્ષા થાય, ખૂબ પાણીના પૂર આવે, માટે સલામતી સૂચક આ ભડલી વાક્ય શ્રાવણ વરસાદની આગાહી કરે છે. શ્રાવણી વરસાદની જેમ ભક્તોના હૃદયમાં પણ ભક્તિના પૂર આવે છે અને શ્રાવણ માસ ભક્તિભાવથી તરબોળ થઈ જાય છે.

ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે પોતાની વિભૂતિ તરીકે માગશર માસ પસંદ કર્યો છે. मासानां मार्गशीर्षोऽहम् । અધિક માસના અધિપતિદેવ તરીકે સ્વયં પુરુષોત્તમ પોતે જ છે. તેથી તે પુરુષોત્તમ માસ કહેવાય છે, પરંતુ ભારતીય ધર્મસમાજમાં અને સંસ્કૃતિના ધારકોમાં શ્રાવણ માસ જ જાણે સ્વયં ભગવાન હોય તે રીતે તેનો મહિમા ગવાયો છે અને ધર્મપરંપરા તેમજ લોક પરંપરામાં શ્રાવણ માસ મુખ્ય સ્થાને બિરાજે છે.

ચાતુર્માસનો પ્રારંભ થઈ ચૂક્યો છે અને શ્રાવણ માસ પણ હવે પ્રારંભ થશે તેથી શ્રાવણ મહિનામાં આવતા વ્રત-તહેવારોની યાદી અત્રે આપી છે.

-શ્રાવણીયા સોમવારનું વ્રત	-શિવ આરાધના વ્રત
-પવિત્રા એકાદશીનું વ્રત	-રક્ષબંધન પર્વ
-શ્રાવણી પૂર્ણિમાનું વ્રત	-યજ્ઞોપવિત
-બોળ ચોથ	-નાગ પંચમી
-રાંધણ છઠ	-શીતળા સાતમ -જન્માષ્ટમી

આ વ્રતો અને તહેવારો ઉપરાંત પ્રત્યેક ધર્મ-સંપ્રદાયની પરંપરા અનુસાર શ્રાવણ માસમાં ઉપવાસ, ફલાહાર, એકટાણા, ચાંદ્રાયણ જેવા અનેકવિધ વ્રતો એ

વિશેષ ભજન-ભક્તિના નિયમોનું અનુષ્ઠાન કરીને શ્રદ્ધાળુ ભાવિકો આત્મસંતોષ, ભગવદ્ પ્રસન્નતા અને દાનધર્મનુ પુણ્ય કમાઈ કરી લેતા જોવા મળે છે.

શ્રાવણ મહિનાના મહત્ત્વના કેટલાંક મહિમાવંત વ્રતો, તહેવારો અને ઉત્સવોની માહિતી સાથે આ અંક વાચકો અને ભાવિકજનોના જ્ઞાન-ભક્તિમાં વૃદ્ધિ પમાડશે એવી શ્રદ્ધા સાથે... જય શ્રી સ્વામિનારાયણ.

શ્રાવણ માસમાં શિવમહિમા

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રીમાં શ્રાવણ માસ અને શિવ મહિમાનો વિશિષ્ટ ઉલ્લેખ થયેલો જોવા મળે છે.

શ્રીજી મહારાજના આશ્રિત તરીકે શિક્ષાપત્રી પ્રત્યેક સત્સંગીને આદરણીય હોય જ; તો પણ ક્યારેક ઉપદેશના અતિરેકમાં અથવા ઉપાસનાની અવઢવમાં આપણે ભૂલ કરીએ છીએ, ત્યારે શિક્ષાપત્રી આપણને સાચો રાહ બતાવે છે. શિક્ષાપત્રી શ્લોક નંબર ૧૪૯ માં સ્પષ્ટ રીતે શ્રીજી મહારાજ લખે છે કે

कर्तव्यं कारणीयं वा श्रावणे मासि सर्वथा ।

बिल्वपत्रादिभिः प्रीत्या श्री महादेव पूजनम् ॥

"શ્રાવણ માસને વિષે શ્રી મહાદેવનું પૂજન જે તે બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વ પ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે કરાવવું."

શિક્ષાપત્રીમાં આ આદેશ ગૃહસ્થોના આચાર ધર્મમાં આવે છે : તેથી ગૃહસ્થ સત્સંગીએ વર્ષમાં એક માસ અને તે પણ શ્રાવણ મહિનામાં શ્રી ભોળાનાથ મહાદેવજીનું પૂજન-અર્ચન બિલીપત્રોથી કરવું અથવા પોતાને એટલી અનુકુળતા ન હોય તો પવિત્ર બ્રાહ્મણો પાસે શિવ મંદિરમાં પૂજન કરાવવું.

આ શ્રાવણ માસ અને શિવપૂજનની આજ્ઞા પાછળ શું રહસ્ય હોઈ શકે ? તેના પર વિચાર કરીએ તો ભગવાન શ્રી સ્વામિનારાયણની વિશાળ ધર્મભાવના દૃષ્ટિગોચર થયા વિના રહે નહી.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય મૂળમાં ઉદ્ધવ સંપ્રદાય નામથી પ્રસિદ્ધ છે. અર્થાત્ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રના અંગત ભક્ત, સેવક અને સચિવ એવા ઉદ્ધવજી હતા. આ ઉદ્ધવજીને ભાગવતમાં જે રહસ્ય જ્ઞાન ભગવાન શ્રીકૃષ્ણે સ્વધામ જતા પહેલા આપ્યું અને તે જ્ઞાનનો પ્રસાર કરવાથી આજ્ઞા કરી તે જ્ઞાનની પરંપરામાં ઉદ્ધવાવતાર સદ્‌ગુરુ શ્રી રામાનંદસ્વામીએ પૃથ્વી પર પ્રગટ થઈને ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરીને આ જ્ઞાનને પ્રગટ કર્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ આ જ્ઞાનપરંપરાના

જતન અને પ્રવર્તન માટે જ શિક્ષાપત્રી અને વચનામૃત જેવા ગ્રંથોનું પ્રવર્તન કરેલું છે. તેથી આપણા સંપ્રદાયમાં - સમજો કે મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં બધા જ ભગવાના અવતારો, દેવતાઓ અને વિવિધ શ્રદ્ધા ધરાવતા શ્રદ્ધાળુઓ માટે આદરમાન છે. પ્રત્યેક દેવતાઓ પૂજનીય છે, દર્શનીય છે.

શિક્ષાપત્રીના પ્રારંભથી આ ધર્મભાવનાના દર્શન થાય છે. તેમાં ખાસ શ્લોક નંબર ૪૭ માં તો શ્રીજી લખે છે, "શ્રી નારાયણ અને શિવજી એ બેનું એકાત્મપણું જ જાણવું, કેમ જે વેદને વિષે એ બેનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન કર્યું છે."

"एकात्म्यमेव विज्ञेयं नारायण महेशयोः ।

उभयोर्ब्रह्मरुपेण वेदेषु प्रतिपादनात् ॥"

આ સંદર્ભ પ્રમાણે નારાયણ અને શિવજી બંને તત્વતઃ એક જ છે. દર્શનમ્ સંસ્કૃત પાઠશાળાના પંડિતો જ્યારે નારાયણ સૂક્તના મંત્રોનું ગાન કરતા હોય ત્યારે આપણે સાંભળીએ છીએ "शिवश्च नारायणः" અર્થાત્ શિવ નારાયણ છે, તેમજ સ્વયં ઈશ્વર સ્વરૂપે બ્રહ્માંડોની પ્રક્રિયામાં જોડાયેલા છે. આવા શિવજીનું પૂજન-અર્ચન-વંદન કરીને શ્રીજીની આજ્ઞાનું પાલન તો કરીએ જ અને સાથે સાથે ભગવાન સદાશિવની કૃપા પ્રાપ્ત કરીને આ લોકમાં પણ સુખિયા રહીએ. શ્રીજી મહારાજ સ્વયં

પરમહંસોને વચનામૃતમાં પ્રશ્ન પૂછે છે, "શંકર શબ્દનો શો અર્થ છે?

પરમહંસોનો ઉત્તર છે, "સુખને કરે તેને શંકર કહીએ." અર્થાત્ શિવજી સદાય મંગલ, કલ્યાણ, સુખ, શાંતિના દાતા છે. જેમને આ લોકમાં સુખિયા થવાની કે રહેવાની ઈચ્છા હોય તે સૌએ ક્યારેય કોઈપણ દેવતાની નિંદા ન કરવી અને દેવાધિદેવ મહાદેવજી પ્રત્યે શ્રદ્ધા-ભક્તિથી દર્શન-પૂજન કરવા.

શિવપૂજનની એક સરસ સત્ય ઘટના છે.

પૂજ્ય મોરારી બાપુ એકવાર ગીરના જંગલમાં પધાર્યા હતા. પૂજ્ય બાપુ લગભગ દર વર્ષે ગીરના નેસડાઓમાં જઈને સાધુ-સંતો અને માલધારીઓ સાથે મોજ કરે છે અને બધાને મોજ કરાવે છે.

તુલસીશ્યામથી નજીકના માલધારીઓના નેસડા ખજુરી, લેરીયા, શિવતળી, અરલ વગેરે નેસડાઓમાં ફરતા ફરતા પૂજ્ય મોરારી બાપુ એક વખત કાણેક નેસમાં અચાનક પધાર્યા.

કાણેક નેસ એટલે કાળુભગત અને કાળુભગત એટલે સ્વામિનારાયણના ભગત. કેટલાક માલધારીઓ મોરારી બાપુને કાળુભગતના ઝુપડા તરફ દોરી ગયા, ત્યારે કાળુભગત ઘરમાં જ હતા. પૂજ્ય બાપુએ કાળુભગતની ઝોકમાં પ્રવેશ કર્યો, ત્યારે આંગણામાં મોરલા -ઢેલડીઓ ચણતા હતા અને બાજુમાં નાનકડુ હરણ પણ ઊભુ હતું. હરણ અને મોરલાઓએ પૂજ્ય બાપુનું સ્વાગત કર્યું. બાપુ આવું દૃશ્ય આશ્ચર્યથી જોઈ રહ્યા અને હાથના ઈશારાથી આનંદ વ્યક્ત કર્યો. પૂજ્ય બાપુ મૌન જ થોડીવાર ત્યાં ઊભા રહી ગયા.

કાળુભગતને પણ ખબર પડી કે મોરારી બાપુ પધાર્યા છે એટલે દોડતા આંગણામાં આવ્યા. પૂજ્ય બાપુને વંદન કર્યા. જય સ્વામિનારાયણ કહ્યા અને બાપુને પોતાના ઝુપડામાં દોરી ગયા.

પૂજ્ય બાપુને મૌન હોવાથી શાંતિથી ચારે બાજુ જોવા લાગ્યા. ઝુપડામાં દેવસ્થાન જોયું એટલે પૂજ્ય બાપુ ઊભા થયા અને નાનકડા મંદિર જેવા સ્થાનમાં છબી જોઈ. સ્વામિનારાયણ ભગવાનની ચિત્ર પ્રતિમાને વંદન કર્યાં અને બાજુમાં બિલીપત્રનો નાનકડો ઢગલો હતો. બાપુની નજર બિલીપત્રો પર ગઈ અને હાથના ઈશારાથી કાળુભગતને પૂછ્યું, "આ શું છે?"

કાળુ ભગતે કહ્યું, "બાપુ! અત્યારે શ્રાવણ મહિનો ચાલે છે, તેથી હું શિવજીનું પૂજન કરું છું."

બાપુએ બિલીપત્રો હટાવ્યા તો નીચેથી નાનકડાં શિવલિંગના દર્શન થયા.

પૂજ્ય બાપુને મૌન હોવા છતા તેમના મુખમાંથી શબ્દો સરી પડ્યા, "ઓ હો હો! અહીં તો બધું જ છે. કાંઈ બાકી નથી." એમ બોલી ઝુપડાની બહાર એક પલંગ (ખાટલો) ઢાળ્યો હતો તેના પર ગોદડું ઓશિકા વગેરે મુકયા હતા. તેના પર બેસીને પૂજ્ય બાપુ બોલ્યા- "આજે મારું મૌન છુટી ગયું, આ ભગતના નેહડે તમે બધા મને લાવ્યા. ખૂબ સારું લાગે છે. અહીં તો બધા ભગવાન છે. આ સારી રીત છે."

પૂજ્ય બાપુની વાણી સાંભળી બધા ધન્ય બન્યા. પછી કાળુભગત અને મોરારી બાપુ વાતે વળગ્યા. ત્યારે કાળુભગતે સ્વામિનારાયણ ભગવાનની શિક્ષાપત્રીની વાતો કરી. "પૂજ્ય જોગીસ્વામી મારા ગુરુ છે અને પૂજ્ય માધવપ્રિયસ્વામી, પૂજ્ય બાલકૃષ્ણસ્વામી વગેરે સંતો અહીં અમારા નેહડે વારંવાર આવે છે. અમને સત્સંગ કરાવે છે અને માલધારીઓના છોકરાઓને ગુરુકુલમાં લઈ જઈને ભણાવે છે." વગેરે વાતો કરી.

પૂજ્ય બાપુ આ વાતો સાંભળીને આનંદિત થયા અને સૌને આશીર્વાદ આપી વિદાય થયા.

દેવ પૂજન આપણા કલ્યાણ માટે છે. દેવો ક્યારેય વિવાદનો વિષય નથી બનતા. સંતો-હરિભક્તો ક્યારે દેવ નિંદા નથી કરતા. આથી દેવો પ્રત્યેની શ્રધ્ધા-ભક્તિ વધતી રહે તે માટે શ્રીજી મહારાજે શિવરાત્રીનું વ્રત અને ઉત્સવ કરવાની આજ્ઞા કરેલી છે.

આસો માસમાં કાળી ચૌદસે શ્રી હનુમાનજીની અને ભાદરવા સુદી ચતુર્થીના દિવસે શ્રી ગણપતિજીની પૂજા કરવાની આજ્ઞા પણ કરેલી છે. આ આપણી ભારતીય ધર્મ પરંપરા છે. જેમાં સૌનો આદર છે. સૌના પ્રત્યે સ્વીકારભાવના છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રસ્થાપિત કરેલા દેવમંદિરોમાં પણ મુખ્ય ઉપાસ્યદેવો સાથે સિદ્ધેશ્વર મહાદેવ, હનુમાનજી, ગણપતિની તથા અન્ય અવતારોની પણ પ્રતિષ્ઠા થયેલી છે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-મેમનગરમાં પણ શ્રી નર્મદેશ્વર મહાદેવ લિંગ સ્વરૂપે બિરાજે છે. જેનું વૈદિક વિધિ સહિત દરરોજ પૂજન અર્ચન બ્રાહ્મણ વિદ્યાર્થીઓ અને સંતો દ્વારા થાય છે.

શ્રાવણ માસમાં ભક્તિભાવપૂર્વક શિવપૂજન-આરાધન કરીને શ્રીજી મહારાજની આજ્ઞાનું પાલન કરીએ અને મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયનું ગૌરવ વધારીએ.

રક્ષાબંધન

- સાધુ યજ્ઞવલ્લભદાસ

શ્રાવણી પૂર્ણિમા એટલે ત્રણ તહેવારોનો સંગમ. ભાઈ-બહેનના પ્રેમના પ્રતિકનો ભક્તિપ્રધાન ઉત્સવ, જ્ઞાનનિષ્ઠ બ્રાહ્મણોને જનોઈ બદલવાનો ઉત્સવ અને કર્મવીર વેપારીઓનો સમુદ્રપૂજનનો ઉત્સવ. આ ત્રણ ઉત્સવોમાં રક્ષાબંધન પર્વ લોકહૈયાને વિશેષ સ્પર્શ્યો છે. આ પર્વની કથા બળીરાજા સાથે જોડાયેલી હોવાથી 'બળેવ' પણ કહેવામાં આવે છે.

રક્ષાબંધન પ્રેમ અને પરાક્રમના મિલનનું પર્વ છે. પરાક્રમી ભાઈની રક્ષા માટે બહેન પોતાના ભક્તિભીના હૃદયથી વણાયેલા પ્રેમના તાંતણાથી ભાઈના હાથે રક્ષાસૂત્ર બાંધે છે.

પુરાણોમાં ઇન્દ્રપત્ની શચીએ યુદ્ધમાં હારી ગયેલા પોતાના પતિના હાથે રાખડી બાંધી દેવતાઓને વિજયમાર્ગ દેખાડ્યાનો ઉલ્લેખ જોવા મળે છે. મહાભારતના યુદ્ધમાં સંજોગોને આધીન થયેલા અભિમન્યુના હાથે માતા કુંતી રક્ષા બાંધે છે અને એમની કીર્તિ દિગંતમાં પ્રસરાવ્યાનો ઉલ્લેખ છે. રાક્ષસકુળમાં જન્મેલા ભક્તરાજ બળીના હાથે લક્ષ્મીજીએ રક્ષા બાંધી હતી, તેવી કથા પણ પ્રચલિત છે.

બલિના દરબારમાં ભગવાન વિષ્ણુ બંધાઈ ગયા. વૈકુંઠમાં ભગવાનના વિરહમાં ઝૂરતા લક્ષ્મીજી ભગવાનનને છોડાવવાના ઉપાય શોધતા હતા. એક દિવસ લક્ષ્મીજી પાતાળમાં પહોંચી ગયા. બલિ મહારાજાએ દેવીનું સ્વાગત કર્યું. એ સમયે લક્ષ્મીજીએ બલિના હાથે રક્ષા બાંધી, તેથી લક્ષ્મીજી બળિના બહેન થયા. હવે બળિરાજાએ બહેનને કંઈક માંગવા કહ્યું અને લક્ષ્મીજીને જે જોઈતું હતું તે ભગવાનને માગી લીધા.

આ બધી જ કથાઓમાં આપણને સ્નેહના વહેતા ઝરણાઓના દર્શન થાય છે. ભોગ અને સ્વાર્થના પડછાયામાં ઓગળી ગયેલા જગતભરના સંબંધોની વચ્ચે નિસ્વાર્થ અને પવિત્ર એવી ભાઈ બહેનની પ્રેમસગાઈ જાણે ખારા સમુદ્ર વચ્ચે મીઠી વીરડી જેવી લાગે છે. ભારતીય સંસ્કૃતિના પ્રવર્તક ઋષિઓનો 'રક્ષાબંધન' પર્વની ઉજવણી કરવા પાછળનો હેતુ ભાઈ-બહેનના આ સંબંધની નિસ્પૃહતા અને પવિત્રતાનું મહિમાગાન કરવાનો જ હોવો જોઈએ.

રક્ષાબંધનના પવિત્ર દિવસે પ્રત્યેક બહેન હર્ષઘેલી બને છે. ભાઈના હાથે રાખડી બાંધવી એ બહેનને પોતાના જીવનનો અનેરો લ્હાવો લાગે છે. રક્ષાના પ્રત્યેક તંતુમાં બહેનના હાથનો નિસ્વાર્થ અને નિર્વ્યાજ પ્રેમ ગુંથેલો હોય છે. બહેનની રક્ષાનું બંધન જગતના અનેક બંધનોથી ભાઈની રક્ષા કરે છે. લોખંડની બેડીઓને તોડવા સમર્થ એવો ભાઈ બે-પાંચ તાંતણાઓથી બનેલી અને બહેને બાંધેલી રાખડી તોડવા સમર્થ થતો નથી, તેમજ તેની મર્યાદા પણ લોપી શકતો નથી.

રક્ષા એ કેવળ સૂતરનો દોરો નથી, એ છે શીલ અને સ્નેહનું રક્ષણ કરતું, જીવનમાં સંયમની મહત્તા સમજાવતું પવિત્ર બંધન. બહેને હૃદયની ભાવનાથી બાંધેલા દોરાના એ તંતુઓનું મૂલ્ય લાખો-કરોડો રૂપિયા કરતા પણ ઊંચુ છે. રાખડીમાં બહેનનો અતૂટ વિશ્વાસ ગુંથાયેલો હોય છે. જન્મથી જે સાથે રહ્યા, સાથે રમ્યા, સાથે મોટા થયા બાદ વિખૂટા પડ્યા ત્યારે રાખડીના માધ્યમથી બાઈ-બહેન એકબાજા સાથે મરણપર્યંત જોડાયેલા રહે છે.

બહેનનું અનિષ્ટ તત્ત્વોથી રક્ષણ કરતો ભાઈ આજના દિવસે બહેનના હસ્તે રક્ષાસૂત્ર બંધાવી બહેનને વધારે નિશ્ચિંત બનાવે છે. ભાઈને રાખડીની સાથે કપાળે કુંકુનો ચાદલો કરી ચોખા ચોડતી બહેન ભાઈનું પૂજન તો કરે જ છે, સાથે સાથે ભાઈની વિશુદ્ધ બુદ્ધિ, નિર્મળ દૃષ્ટિ અને અણિશુદ્ધ વર્તનનું પણ પૂજન કરે છે. કંકુનો ચાંદલો અને ચોડેલા ચોખાથી શોભતું ભાઈનું કપાળ ત્રિલોચન શિવની યાદ અપાવે છે, કે જે લોચન દ્વારા શિવે કામદેવનું દહન કર્યું હતું. માત્ર દૃષ્ટિ પરિવર્તનનું નહીં, વૃત્તિ પરિવર્તનનું આ રક્ષાબંધન પર્વ સમાજને પવિત્રતા અને

શુદ્ધતાનું દર્શન કરાવે છે.

રક્ષાબંધનના પર્વે શિષ્યો પોતાના ગુરુ પાસે પણ રક્ષાનું બંધન કરાવે છે. આ વિધિ એમના અનુશાસનમાં રહેવાનું સૂચવે છે. ગુરુના અનુશાસન પ્રમાણે જીવન જીવવાથી શિષ્યો પોતાના કર્તવ્ય પાલન પાછળ દૃઢ રહેવાની પ્રેરણા મળે છે.

ઉદ્ધવ સંપ્રદાયના પ્રવર્તક સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ મયારામ ભટ્ટને રાંખડી બાંધી ત્રણ ગુણોથી પર કરી દીધા હતા. આ ઉપરાંત ભગવાન શ્રી સ્વામિનારાયણને પણ ઘણા ભક્તો રાખડી બાંધતા હોય તેવા પ્રસંગો સત્સંગમાં નોંધાયેલા છે. આજે પણ સંતો ભક્તોના હાથે રાખડી બાંધી એમના કલ્યાણની ભાવના સેવે છે.

ઉપાકર્મ (જનોઇ પરિવર્તન)

શ્રાવણી પૂર્ણિમાના આ જ દિવસે સામવેદિય સિવાયના બ્રાહ્મણો જનોઈ બદલે છે. જનોઈ ધારણ કરવાના સંસ્કારને સોળ સંસ્કાર માહેનો એક સંસ્કાર માનવામાં આવ્યો છે, જેને ઉપનયન પણ કહેવામાં આવે છે. 'ઉપ' એટલે 'પાસે' અને 'નય' એટલે 'લઈ જવું.' યજ્ઞોપવિત ધારણ કર્યા પછી ગુરુ પાસે જનારને કર્તવ્યની દિશા અને જીવનની દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. ઉપનયન સંસ્કાર કરનારને દ્વિજ કહેવામાં આવે છે, કારણ કે એ એમનો બીજો જન્મ છે.

સૃષ્ટિ સર્જનમાં બે તત્ત્વો જોડાયેલા છે, એક જ્ઞાન અને બીજુ કર્મ. આ બન્ને તત્ત્વોના સુભગ સમન્વયથી સૃષ્ટિ પૂર્ણ રીતે કાર્યરત થઈ. આ જ્ઞાન અને કર્મની પરંપરા સદાય જળવાઈ રહે તેવા હેતુથી કર્મના ચિન્હ તરીકે મસ્તક ઉપર શિખા અને જ્ઞાનના પ્રતિક તરીકે યજ્ઞોપવિત ધારણ કરવાની પરંપરા ઋષિઓએ પ્રવર્તાવી છે.

ત્રણ દોરાથી બનેલી યજ્ઞોપવિતને પવિત્ર માનવામાં આવી છે. યજ્ઞોપવિત તેજ અને બળ આપનારી છે. યજ્ઞોપવિતમાં રહેલા ત્રણ દોરાને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનું પ્રતિક માનવામાં આવે છે. યજ્ઞોપવિતની શરીર ઉપર સતત હાજરીથી સર્વ કાર્યોમાં ભગવાન સાક્ષી રહે અને અશુભ થકી રક્ષા કરે એવો યજ્ઞોપવિતનો મર્મ છે.

આ સાથે ત્રણ દોરા અને એક બ્રાહ્મગાંઠ એમ ચારેયને ચાર વેદોનું પ્રતિક પણ માનવામાં આવે છે. જે આપણને વિદ્યાપ્રાપ્તિ તરફ દોરાવાની પ્રેરણા આપે છે. આમ સર્વ રીતે શુભનો સતત અહેસાસ કરાવનારી યજ્ઞોપવિત આપણી સંસ્કૃતિની અસ્મિતા છે.

જે રીતે દર વર્ષે જન્મોત્સવ ઉજવીએ છીએ, એ જ રીતે યજ્ઞોપવિત ધારણ કરવા પાછળના જે હેતુઓ છે એ હેતુઓની વિસ્મૃતિ કે ક્ષતિ તો નથી થતીને તેનું નિરીક્ષણ કરવામાં આવે છે. આ ભાવના સાથે યજ્ઞોપવિતને વર્ષે એકવાર બદલવાથી આપણને સતત આપણી

જવાબદારીઓનું અનુસંધાન રહે છે.

જનોઈ બદલતી વખતે વિશ્વનિયંતા યમરાજને પ્રાર્થના કરવાની હોય છે કે, 'હે ભગવાન ! હું વૈદિક વિચારધારા મુજબ જીવીશ, તે મુજબ કાર્ય કરીશ. મારે જીવનમાં હજુ ઘણા સત્કાર્યો કરવાના બાકી છે. આ સત્કાર્યો કરવામાં તે આપેલું એક વર્ષ મને ઓછું પડે છે, માટે હજુ એક વર્ષ સુધી હું સંપૂર્ણ આરોગ્ય અને દૃઢ મનોબળ સાથે જીવું અને ભગવાનના કાર્યમાં મદદગાર બની રહું એવી કૃપા કરજો.'

★★★★★

રક્ષાબંધનના દિવસને 'નાળિયેરી પૂજન' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઉત્સવ સાહસિક વેપારીઓ તથા સાગરખેડૂતો માટે મહત્ત્વનો ગણાય છે.

સમુદ્ર ઉપર જેમનું અધિપત્ય છે એવા વરુણદેવના પૂજન દ્વારા વેપારીઓ તથા સાગરખેડુ (માછીમારો) પોતાની સુરક્ષાની કામના કરે છે. વેપારીઓ વહાણ દ્વારા પોતાના માલ-સામાનની હેરાફેરી કરે છે, સાગરખેડુતો સાગરમાં ઉત્પન્ન થતી પેદાશો દ્વારા પોતાનો વ્યવહાર ચલાવે છે ત્યારે એમને સમુદ્ર કોઈ રીતે હાનિ ન પહોંચાડે તેવો આશય સમુદ્ર પૂજનનો હોઈ શકે.

'સાગરે સર્વ તીર્થાનિ...' સરિતા કરતા સંગમ અને સંગમ કરતા સાગર વધારે પવિત્ર છે એમ ઋષિઓએ કહ્યું છે. ભગવાન કૃષ્ણએ સ્થિતપ્રજ્ઞતાની સરખામણી સમુદ્ર સાથે કરી છે. કારણ કે અનંત નદીઓ સમુદ્રને આવી મળે છે, તો પણ સમુદ્ર પોતાની પ્રતિષ્ઠામાંથી ચલિત થતો નથી. સમુદ્ર પાસે ગંગાનું પવિત્ર જળ પણ આવે છે અને ગટરનું ગંદુ પાણી પણ આવે છે, છતાં એ કોઈ ભેદભાવ વિના બધાનો સ્વીકાર કરે છે.

સંતોને સાગર સાથે સરખાવ્યા છે. દુનિયાના લોકો સંત પાસે આવી પોતાના પાપ કે દોષો ઠાલવે છે, પરંતુ સાગરપેટા સંત એ કડવા ઘૂંટ પોતાના પેટમાં જ સંઘરી રાખે છે. માટે જ સંતપુરુષ અને સંતપુરુષ જેવા સમદૃષ્ટા સાગરની પૂજા કરવી એ આપણી ફરજ છે.

સર્વસરિતાની સંપત્તિ મળ્યા પછી તથા પેટાળમાં અમૂલખ રત્નોનો સંગ્રહ ભર્યો હોવા છતાં જે ઉન્મત્ત નથી બનતો, પોતાની ફરજ પરથી છકી નથી જતો તે સદાય પૂજનીય હોય છે. રાષ્ટ્રની, સંસ્કૃતિની કે સમાજની મર્યાદાને પળવારમાં પૂરી કરી દેનાર છીછરા મનના મનુષ્યો માટે સાગરની આ નમ્રતા અનોખુ જીવનદર્શન પૂરું પાડે છે.

ખારો છતાં મીઠો સમુદ્ર ચંદ્રને જોઈને ગાંડો થાય છે. ત્યારે સમુદ્ર પૂજન કરનારે વિચારવું રહ્યું કે જેને જોઈને ગાંડા થવાય એવા કોઈ સંતને પોતાના જીવનમાં સ્થાન આપ્યું છે કે નહીં ? ચંદ્રને જોઈને સમુદ્ર જેમ ઉછાળા મારે છે એમ સંતપુરુષના દર્શન કરતા આપણા હૃદયમાં જ્યારે ભક્તિના ઉછાળા આવે ત્યારે સાચું સમુદ્ર પૂજન થયું જાણવું.

વૈભવ વધવા છતાં જે વિશ્વંભરથી વિમુખ થતો નથી, વૈભવને પ્રભુનો પ્રસાદ માને છે અને ભગવાન વિષ્ણુને ઘર જમાઈ રાખી સદા સેવા કરનાર સાગર આપણા સહુ માટે સદૈવ વંદનીય છે.

નાગપંચમી

વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાને મૂર્તિમંત કરતું પર્વ એટલે નાગપંચમી. આજના દિવસે લોકો ફળાહાર કરી નાગદેવતાની પૂજા કરે છે. તેમાં પણ દૂધના અર્ઘ્યનું વિશેષ મહત્ત્વ છે. આ દિવસે જો સાક્ષાત્‌ નાગદેવતાના દર્શન થઈ જાય તો તેને ખૂબ શુભ સંકેત માનવામાં આવે છે.

આ તહેવાર દક્ષિણ ભારતમાં 'નાગરપંચમી' તરીકે ઓળખાય છે, જ્યારે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં 'નાગપંચમી'ના નામે ઓળખાય છે.

શ્રાવણ વદ પાંચમે ઉજવાતું આ પર્વ ખરેખર અદ્‌ભૂત રહસ્યોથી ભરપૂર છે.

ભારતીય સંસ્કૃતિ વૈદિક સંસ્કૃતિ છે, આર્યસંસ્કૃતિ છે. અહીં રામાયણ અને મહાભારતના કેટલાય પાત્રો કેટલાયના જીવનના આદર્શ બન્યા છે અને જીવન ઉજાગર થયા છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે,

''ईश्वरः सर्वभूतानां हृदेशेऽर्जुन तिष्ठति।''

ઈશ્વર જીવ-પ્રાણીમાત્રમાં વાસ કરીને રહ્યો છે, તેથી જ ન કેવળ માનવ - માનવેતર સૃષ્ટિનું પણ અહીં આદર-સત્કાર અને પૂજન કરવામાં આવે છે.

મનુષ્ય જો પોતાના જ સુખનો વિચાર કરે તો તે પણ એક પશુ જ છે. માટે મનુષ્યને ''सर्वभूतहिते रताः'' થવાનું કહ્યું છે. જે પોતાની જાતની સાથે સાથે સર્વ ભૂતોનું શુભ ચિંતન કરે, પ્રેમ ભરી દૃષ્ટિ રાખે અને આત્મીયતા કેળવે છે તે જ સાચો મનુષ્ય છે.

માટે જ ઋષિમુનિઓએ ભારતીય સંસ્કૃતિની પ્રણાલીમાં પશુ, પક્ષી, વૃક્ષ, વેલી સાથે પ્રેમ ભર્યા વ્યવહાર જળવાઈ રહે તેવા પ્રયત્નો કર્યા છે. આપણે ત્યાં ગાય, બળદ, ઘોડા, હાથી વગેરે પશુઓ; મોર, કોયલ જેવા પક્ષીઓ; વડ, પીપર, તુલસી, ખીજડો વગેરે વૃક્ષોનું પ્રસંગોપાત્‌ પૂજન કરવામાં આવે છે. આમાં સહુથી વિશિષ્ટ પૂજન નાગદેવનું છે.

ગાય, બળદ, વડ વગેરેનું પૂજન આપણે કરીએ કારણ કે એ આપણને ઉપયોગી થાય છે, પણ નાગ આપણને શું ઉપયોગમાં આવે ? ઉલટાનું જો એ કરડે તો જીવ લે. તો પછી નાગપૂજનનો હેતુ સૌ તેનાથી ડરે છે એટલે ડર દૂર થાય એ માટે હશે ? એવું નથી...

સમાજમાં નાગપૂજનની અનેક દંતકથાઓ ઉપલબ્ધ છે. પરંતુ મુખ્ય રીતે જોઈએ તો આ દિવસે અહિંસાની શિક્ષા મેળવવાની છે. ઉનાળામાં સૂર્ય ધોમધોમ ધગે છે. ધગેલી ધરતી ઉપર સર્પ જેવા સરીસૃપોને રહેવુ-ચાલવું અસહ્ય બની પડે છે. માટે એ સરીસૃપો પૃથ્વીના પેટાળનો સહારો લે છે અને સુષુપ્તિ અવસ્થા ધારણ કરે છે.

ઉનાળાના તાપ પછી વરસાદની હેલી થાય છે. ધગધગતી ધરતી શીતળ થાય છે, સરીસૃપોના દર પાણીથી

રાય છે, માટે નિરાશ્રિત થયેલા એ જીવો બહાર આવે છે. આવા સમયે ઘરબાર વગરના થયેલા અને અહીં-તહીં ભમતા જીવોને સ્નેહ અને માયાથી ભરેલો હિન્દુ માનવ ક્યારેય ન મારે, પરંતુ દયા અને ક્ષમાની શીખ મેળવે અને એનું પૂજન કરે.

પ્રત્યેક જીવ સામે સહાનુભૂતિની દૃષ્ટિ રાખવી એ હિન્દુધર્મનો પાયોનો સિદ્ધાંત છે. માટે જ નાગપાંચમના દિવસે નાગનું પૂજન કરવામાં આવે છે અને નૈવેદ્ય પણ ધરાવાય છે.

આ ઉપરાંત સર્પ સદ્‌ગુણોનો ભંડાર છે. દુર્જનોમાં પણ સદ્‌ગુણોના દર્શન કરવા અને એમના સદ્‌ગુણોનું પૂજન કરવું એ આપણી પરંપરા છે. અહીં કેટલાંક સર્પના સદ્‌ગુણો આપ્યા છે, જે આપણને એમનું પૂજન કરવા પ્રેરે છે.

સર્પને ભારતીય સંસ્કૃતિમાં દેવતાનું સ્થાન આપવામાં આવ્યું છે. આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે. સર્પ ખેતીનું રક્ષણ કરે છે, તેથી તેને ક્ષેત્રપાલ પણ કહેવામાં આવે છે. પાકને નુકશાન પહોંચાડનારા ઉંદર તથા અન્ય જીવજંતુઓનું સર્પ ભક્ષણ કરે છે અને પાકનું રક્ષણ કરે છે. સર્પનો આ ઉપકાર ખૂબ મોટો છે.

આ ઉપરાંત સર્પના કેટલાંય ગુણ એવા છે, જે મનુષ્યના જીવનમાં ખૂબ ઉપયોગી છે.

''सर्पदुर्जनोर्मध्ये वरं सर्पो न दुर्जनः।
सर्पो दशति कालेन दुर्जनस्तु पदे पदे ॥''

સર્પ અને દુર્જનની સરખામણીમાં સર્પ જ શ્રેષ્ઠ છે. દુર્જન તો ડગલે ને પગલે કરડે છે, જ્યારે સર્પ પોતાને નુકશાન પહોંચાડનારાને જ કરડે છે. દુર્જનનું ઝેર પરિવારને કે સમાજને નષ્ટ કરી નાખે છે, જ્યારે સર્પ જેને કરડ્યો હોય એને જ નુકશાન પહોંચે છે. માટે દુર્જનોનો સંગ કરવા કરતા સર્પના સંગને શ્રેષ્ઠ કહ્યો છે.



સર્પ કારણ વગર કોઈને કરડતો નથી, કારણ કે એમના મોંઢામાં રહેલ ઝેર એ એમની સંગૃહિત કરેલી શક્તિ છે. વર્ષો પછી પ્રાપ્ત થયેલી ઝેર રૂપી શક્તિને વિના કારણે ગુમાવવી એ એમનો સ્વાભાવ નથી. એ જ રીતે તપ-ભજનના પ્રતાપે સંગૃહિત કરેલી શક્તિને મનુષ્યએ કામક્રોધાદિક દોષો પાછળ, ગરીબને હેરાન કરવા પાછળ નહીં ખર્ચતા પોતાના વિકાસ માટે, નિર્બળને સબળ બનાવવા અથવા પરરક્ષા પાછળ ખર્ચવી જોઈએ.

સર્પનો એક ગુણ એની ઉત્તમ પસંદગી છે. સર્પને સુંગધ ખૂબ ગમે છે, એટલે એ ચંપાના વૃક્ષ કે ચંદનના વૃક્ષને વીંટળાઈને રહે છે. કેવડાનું વન તો એમના માટે સ્વર્ગ સમાન છે. તેવીજ રીતે દરેક જીવપ્રાણીમાં રહેલા કાંઈકને કાંઈક ગુણને મનુષ્ય સ્વીકારતો જાય અને એમનું સેવન કરતો રહે તો પોતાનું જીવન સુગંધથી મઘમઘતા પુષ્પ જેવું બની જાય.

સર્પ મણિ ધારણ કરે છે. મણિ અધ્યાત્મવિદ્યાનું પ્રતિક છે. અધ્યાત્મવિદ્યા તથા વિદ્યાધર મહાપુરુષોનું સ્થાન આપણા મસ્તક ઉપર હોવું જોઈએ અને તેમના વિચારો મુજબ આપણા જીવનનું ઘડતર કરવાના પ્રયત્નો કરવા જોઈએ.

સર્પ દરમાં રહે છે અને એકાંતનું સેવન કરે છે. એમને વસ્તી તથા ઘોંઘાટમાં રહેવું ગમતું નથી. એ જ રીતે મુમુક્ષુઓએ જનસમૂહથી દૂર રહેવા પ્રયત્નો કરવા જોઈએ અને શાંત વાતાવરણમાં પોતાની જાત સાથે રહેવા ટેવાવું જોઈએ. જેમ સર્પ સમયાંતરે પોતાના શરીર ઉપરથી કાંચળી ઉતારી નાંખે છે, તેમ માણસે પણ યોગ્ય સમય પારખી સંસારની ઉપાધિ અને મમતાની કાંચળી ઉતારી ભગવદ્‌ સન્મુખ થવું જોઈએ. વાનપ્રસ્થ અવસ્થા કાંચળી ઉતારવાનો યોગ્ય સમય છે.

સર્પ મોટા ભાગે સામે ચાલીને પાસે આવેલા ખોરાકનું ભક્ષણ કરે છે અને જીવન ટકાવી રાખે છે. ત્યારે મનુષ્યોએ પણ વિષયપ્રાપ્તિના ખોટા ખાખાખોળા ન કરતા આત્મતૃપ્તિ તરફ વળવું જોઈએ. પરંતુ આળસ અને પ્રમાદ ઘર ન કરી જાય એનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

દેવ-દાનવોએ કરલા સમુદ્રમંથન સમયે મદદરૂપ બની વાસુકી નાગ દુર્જનો માટે પણ પોતાના શરીરની દરકાર કર્યા વિના પ્રભુકાર્યમાં જોડાઈ ગયો હતો. દુર્જન ગણાતો માણસ પણ ધારે તો સંસારને સમૃદ્ધ

કરવામાં મમદરૂપ બની શકે છે. જો દુર્જન પણ પર સેવામાં જોડાય તો ભગવાન પણ તેનો સ્વીકાર કરે છે. એ વાતનું સમર્થન ભગવાન શંકરે સર્પને પોતાના ગળામાં સ્થાન આપી તથા ભગવાન વિષ્ણુએ શેષશયન કરીને કર્યું છે. આટલા બધા સદ્‌ગુણોના ધારક સર્પ જ્યારે સમગ્ર સૃષ્ટિના હિત માટે વરસતા વરસાદને લીધે નિર્વાસિત બનીને આપણે આંગણે આવે છે ત્યારે એમનું પૂજન કરવું એ આપણું કર્તવ્ય બની રહે છે. માટે જ આપણા ઋષિમુનિઓએ શ્રાવણ મહિનામાં નાગપાંચમનો ઉત્સવ ગોઠવીને ખૂબ જ ઔચિત્ય દાખવ્યું છે.

રાંધણ છઠ અને શીતળા સાતમ

શ્રાવણ વદ છઠને રાંધણ છઠ અને સાતમને શીતળા સાતમ કહેવામાં આવે છે. એક સાથે બે દિવસ આવતા આ તહેવારો ગૃહિણીઓ માટે આનંદના તહેવાર હોય છે.

રાધણ છઠના દિવસે ગૃહિણીઓ બે દિવસનું સાથે રાંધી રસોઇ બનાવવાના વાસણોની પૂજા કરી ચૂલો ઠારે છે, કહેતા ત્યાર પછી આઠમ સુધી ચૂલાને સળગાવવામાં આવતો નથી. સાતમના દિવસે ચૂલો સળગાવવામાં ન આવવાથી આખો દિવસ છઠના દિવસે રાંધેલું ઠંડુ ભોજન જ જમવાનું હોય છે.

આ નાનો પણ મહત્ત્વનો ઉત્સવ છે. આ ઉત્સવનું પાછળનું પ્રયોજન આપણને રોજબરોજની ક્રિયાઓમાં ઉપયોગમાં આવતા સાધનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવવાનું છે. જે સાધનો દ્વારા આપણે આપણું કાર્ય સાધીએ છીએ એ સાધન ભલે જડ હોય, છતાં પણ એ આપણા ઉપયોગમાં આવ્યા છે, આપણા જીવનનો ભાગ બન્યા છે ત્યારે એ જડ પદાર્થો પ્રત્યે પણ કૃતજ્ઞતાબુદ્ધિ રાખવી જોઇએ.

સૂક્ષ્મ દૃષ્ટિથી જોતા આ જગતમાં કોઈ પદાર્થ જડ કહેતા અચેતન છે જ નહીં. દરેક પદાર્થ કોઈને કોઈ રીતે ઉપયોગમાં આવતા જ હોય છે, માટે એ પદાર્થમાં રહેલા સૂક્ષ્મ ચૈતન્યની પૂજા કરવી એ આપણી ફરજ બને છે. શિખરસ્થ મંદિરમાં બિરાજતા ભગવાનના દર્શન કરાવવામાં સહાયરૂપ થતા પગથિયાને આપણે પ્રથમ નમસ્કાર કરીએ છીએ, આ વાત અત્રે સ્મરણીય છે.

શીતળા સાતમના દિવસે સ્ત્રીઓ ચૂલાની પૂજા કરે છે. ચૂલાને ઘરનો દેવતા કહ્યો છે. કૃતજ્ઞતાના પાયા ઉપર ઉભેલી આપણી સંસ્કૃતિ ગૃહદેવતાના ઉપકારને કેમ ભૂલી શકે ? પોતે તપીને રોજ આહાર પકવી આપે છે તે ચૂલાનું પૂજન કરીને સ્ત્રીઓ પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરે છે.

આ સાથે એક એવી પણ વિધિ છે કે આખું વર્ષ તપતા ચૂલાને એક દિવસ શાંત રાખી તેના ઉપર આંબાનો નાનો રોપ મૂકવામાં આવે છે. આ વિધિ પાછળનો હેતુ ચૂલા પાસેથી આપણને સતત આંબા જેવી શીતળતા અને કેરી જેવો મધુર ખોરાક મળતો રહે તેવો છે.

આપણી સંસ્કૃતિમાં કાર્ય સાધવામાં ઉપયોગી થનાર સાધનોની ઉપેક્ષા કરવામાં આવતી નથી, પણ કાર્ય સાધક બનેલા કે બની શકે છે એવા સાધનોનું ગૌરવ રાખવામાં આવે છે. સ્ત્રીઓ ચૂલો કે ઘંટીની પૂજા કરે છે, ખેડૂત ખેતીમાં વપરાતા હળ આદિક ઓજારોની પૂજા કરે છે, પંડિત પુસ્તકની પૂજા કરે છે, ક્ષત્રિય હથિયારોની પૂજા કરે છે, વેપારી ત્રાજવાને પૂજે છે. આમ દરેક કોઈને કોઈ રીતે કાર્ય સાધવામાં ઉપયોગી થનાર જડ સાધનોની પૂજા કરી કૃતજ્ઞતાભાવ પ્રગટ કરે છે.

સાધનોની પૂજા કર્યે પૂરું થતું નથી, તે સાધનોની પવિત્રતા કે સ્વચ્છતા પણ જળવાઈ રહેવી જોઈએ. પ્રત્યેક પદાર્થની પવિત્રતા જાળવવાથી તથા ઉત્કૃષ્ટ જાળવણી કરવામાં જ એમની સાચી પૂજા છે. જેમ મળેલુ કર્મ ઉત્તમ રીતે કરવું જોઈએ તે જ રીતે મળેલા સાધનોને ઉત્તમ રીતે રાખવા તે સાધનોની પૂજા જ છે.

સાધનપૂજાને જે સાચી અને સારી રીતે સમજી લે છે તેના ઉપર શીતળામાતા પ્રસન્ન થાય છે. શીતળામાતા સેવાની દેવી છે. એમના એક હાથમાં સાવરણો અને બીજા હાથમાં સૂપડું છે. સેવા કરનારને જેટલી અંતરની શાંતિ પ્રાપ્ત થાય છે તેવી શાંતિ બીજા સાધનોથી નથી થતી. તેથી જ શીતળામાતાએ સૂપડું અને સાવરણા જેવા સાધનો પોતાના હાથમાં રાખ્યા છે.

સાવરણાનો ઉપયોગ ઘરની સફાઈ કરવામાં થાય છે. જો સાવરણાનો શ્રેષ્ઠ ઉપયોગ થતો હશે તો ઘર સુઘડ અને સ્વચ્છ રહેશે, પરિવાર નિરોગી રહેશે. એ જ રીતે સૂપડાનો યોગ્ય ઉપયોગ ખોરાકની પવિત્રતા અને શુદ્ધિ જાળવશે. ખોરાકની પવિત્રતા અને શુદ્ધિ આપણા તન-મનને શુદ્ધ અને પવિત્ર રાખશે.

આમ રાંધણ છઠ અને શીતળા સાતમ આ બન્ને તહેવારો આપણને જીવનમાં ઘણો મોટો બોધ આપી જાય છે.

જન્માષ્ટમી

'यदा यदा हि धर्मस्य, ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य, तदात्मानं सृजाम्यहम्।

શ્રાવણની મેઘઘેરી આઠમની રાતે શ્રીકૃષ્ણ નારાયણનો જન્મની કથાનો એક સૂચક અર્થ છે. ધર્મ અને અધ્યાત્મનો માર્ગ જ્યારે અંધકારથી આવૃત બને ત્યારે પ્રકાશના મહાપૂંજ સ્વરૂપે પરમાત્માનું પ્રાગટ્ય થાય છે. મનુષ્ય જ્યારે અંધશ્રદ્ધાના અંધારામાં ફસાઈ ગયો હોય, વિશ્વ નિરાશાની ગમગનીમાં ધકેલાઈ ગયું હોય, આપત્તિઓના મૂશળધાર વરસાદ જ્યારે ચોમેર વરસી રહ્યા હોય, ઢોંગ, ધતીંગ અને ચમત્કારોના ચમકારા અધ્યાત્મની આંખોને આંજી નાખતા હોય, પાખંડ અને પ્રદર્શનોના મેઘાડંબર ધર્મના નામે ધમકી દેતા ગડગડાટ કરતા હોય ત્યારે ભગવાન પ્રગટ થાય છે. આવું જ વાતાવરણ એ સમયે ભારતની ભૂમિ ઉપર ઉભુ થયું હતું. હવે તો ભગવાન પ્રગટ ન થાય અને સજ્જનો-ભક્તોનો છૂટકારો ન થાય તો જ આશ્ચર્ય!

છેવટે સજ્જનોના સમૂહના ચીત્કારને સાંભળી શ્રાવણ વદી અષ્ટમીની મધ્ય રાત્રિએ મથુરાના કારાગૃહમાં અજવાળા પથરાયા. દેવકી માતાનું આઠમું સંતાન એમની ગોદમાં રમવા લાગે છે. વસુદેવ બાળકના શ્યામ સ્વરૂપને અપલક નયને જોઈ રહ્યા છે.

તુલસીદાસજી કહે છે, **'हरि व्यापक सर्वत्र समाना, प्रेमे प्रगट होही मैने जाना.'** ચરાચરમાં વ્યાપ્ત ભગવાનને પ્રગટાવવાનું કારાગૃહ તો પ્રેમથી ભરેલુ હૃદય જ બની શકે. વિરહથી શેકાતા માનસરોવરના છૂટા પડી ગયેલા હંસલા જેવી ભગવાનને પામવાની વિરહવેદના અને હિમાલયના ધવલ શિખરોને આળંગી જાય એવું પ્રેમ ભરેલુ હૃદય જ્યાં હોય છે, ત્યાં ભગવાન સદૈવ પ્રગટ રહે છે.

ધર્મને ધૂતારાઓની કેદમાંથી, સમાજને લૂંટારાઓની કેદમાંથી છોડાવવા સ્વયં ભગવાન કારાગૃહ ભોગવતા માતા-પિતાની ગોદમાં પ્રગટ થાય છે. જન્મતાવેત જ કારાગૃહના તમામ બંધનો તોડી જગતરૂપી કારાગૃહમાં કરગરતા અનેક જીવાત્માઓને છોડાવવા ગોકુળમાં પ્રવેશ કરે છે.

નંદરાજાના ઘરે ઉછરતા કૃષ્ણએ સત્તા કે સંપત્તિના જોરે નહીં, પણ પ્રેમના આધારે પોતાનો અનોખો સમાજ સમૂહ બનાવ્યો. 'ગો' એટલે ઉપનિષદ અને 'વર્ધન' એટલે પ્રચારક. કૃષ્ણના કહેવાથી જ ગોકુલવાસીઓએ પેઢીઓથી ચાલી આવતી ઈન્દ્રપૂજા છોડી ગોવર્ધન પૂજા અપનાવી છે. આ ઘટના દ્વારા શ્રીમંત એવા ઈન્દ્રની પૂજાથી નહીં પણ વેદ-ઉપનિષદના ધારકોના પૂજનથી સમાજનું કલ્યાણ થશે, શ્રેય સધાશે એ વાત ભગવાને સૌને સમજાવી છે.

'જેના સાનિધ્યમાં સૌ મેકળાશ અનુભવે એ મહાપુરુષ.' એ વાતને ભગવાન કૃષ્ણએ પોતાના જીવન દ્વારા ચરિતાર્થ કરી બતાવી છે. ધૂળમાં રગદોળાવાની સાદી રમતો, ગાયોના છાણ અને ગોધૂલીથી ખરડાયેલું શરીર, હાથમાં નાની લાકડી ને કેડે નાની પોતડી. નહીં કોઈ સારા વસ્ત્રો કે અલંકાર. સામાન્ય અલંકારોમાં કૃષ્ણની અસામાન્યતા એવી રીતે પ્રગટ થતી હતી કે જનસમાજ સહેજે સહેજે એમના તરફ આકર્ષાતો હતો અને પોતાના સખા માનતો હતો.

સમગ્ર ગોકુળમાં અનેરો ઉત્સાહ અને ભક્તિ જગાડનારા ભગવાન શ્રીકૃષ્ણ અનેક ચરિત્રો કરીને ગોકુળવાસીઓને અનેરા આનંદના અધિકારી બનાવે છે. રમતા રમતા અનેક અસુરોનો સંહાર અને છેવટે અસુરાધિપતિ કંસને મુક્તિનો અધિકારી બનાવી વર્ષોથી કારાવાસ ભોગવતા માતા-પિતાને પુત્રનું સુખ આપે છે.

સર્વ વિદ્યાના પ્રવર્તાવનાર સ્વયં સહજતાથી સાંદિપનિના આશ્રમમાં વિદ્યાર્થી તરીકે દાખલ થઈ જાય છે, ત્યારે પ્રશ્ન ઉઠે કે જગતને જીવન સમજાવનાર આ

જગદ્‌ગુરુને ભણવાનું શું બાકી હોય ? પરંતુ પોતાની આ ક્રિયા દ્વારા કૃષ્ણે પરંપરાનું પૂજન અને ઋષિનું ગૌરવ વધાર્યું હતું. રાજપુત્રોએ પણ ઋષિનાં ચરણોમાં બેસીને જ શિક્ષણ લેવું જોઈએ, એ વાત કૃષ્ણે પોતાના વર્તન દ્વારા સૌને સમજાવી છે.

આશ્રમમાં પણ તેઓ સૌની જોડે સમરસ થઈ ગયા. ગુરુસેવા કરવામાં તે ગૌરવ અનુભવતા. લાકડાં કાપવા માટે પણ તેઓ હોંશેહોંશે જતા. પરિશ્રમની પ્રતિષ્ઠા વધારીને શ્રમની શરમ મનમાંથી દૂર કરે તે જ સાચો આશ્રમ!

સાંદીપનિના આશ્રમમાં સુદામાં જોડે સધાયેલુ સખ્ય તેમણે જિંદગીભર જાળવી રાખ્યું. રાજા થયા પછી દ્રુપદે જેમ દ્રોણને તિરસ્કૃત કર્યા તે રીતે દ્વારકાધીશ થયા પછી કૃષ્ણે સુદામાને અવગણ્યા નથી. ઊલટું સુદામાના આગમનના સમાચાર સાંભળીને તે એટલા ભાવવિભોર બની ગયા કે ઉઘાડે પગે એમને ભેટવા દોડ્યા. એટલું જ નહીં પણ પોતાના ભાવાશ્રુઓથી એમના પગ પખાળ્યા. સુદામાના તાંદુલમાં એમણે અમૃતનો સ્વાદ માણ્યો.

મિત્ર પાસે પણ મદદ માગવામાં સંકોચ અનુભવનાર અયાચકવ્રતધારી સુદામાને પ્રત્યક્ષ મદદ ન કરતાં, પરોક્ષ રીતે સુદામાની સાથે ઊભા રહેનારા કૃષ્ણે એ વાત સાબિત કરી આપી કે સહાયક બનવા કરતાં સખા બનવામાં તેઓ વિશેષ ગૌરવ અનુભવતા.

પોતાના જીવનમાં કૃષ્ણે બધાં જ કામો અતિ સહજરૂપે રમતાં રમતાં જ કર્યા છે. રમતમાં જીવન ભરનાર અને જીવનને રમત ગણનાર કૃષ્ણની મસ્તી અદ્‌ભુત અને અનોખી હતી. વાંસના સામાન્ય ટુકડામાં સંગીત નિર્માણ કરનાર કૃષ્ણ આપણને એ વાતની પ્રતીતિ કરાવે છે કે માધુર્ય વાંસળીમાં નહી પરંતુ વગાડનારમાં છે.

આપણી જીવન બંસરીમાં પણ પ્રભુ સંગીત નિર્માણ કરે, પરંતુ તેને માટે આપણે વાંસળી જેવા પોલા-શૂન્ય અર્થાત્ નિરહંકારી બનવું પડે. રાગદ્વેષના કાંકરા જેમાં ભર્યા હોય તે બંસરી વાગી શકતી નથી. વાંસળી જેમ વિંધાઈ ગઈ છે તે રીતે આપણે પણ પ્રભુકાર્ય માટે વિંધાઈ જવાની અર્થાત્ સાધના-તપશ્ચર્યા કરવાની તૈયારી રાખવી જોઈએ. વાંસળીને પોતાની ઈચ્છા નથી, પ્રભુ વગાડે તેમ તે વાગે છે. આપણે પણ પ્રભુ જીવાડે તેમ જીવવાની અર્થાત્ 'રામ રાખે તેમ રહીએ' એ મનોવૃત્તિને જીવનમાં સાકારિત કરવી જોઈએ.

"શ્યામ ! તારી બંસી થઇને બજવું છે જગ મારે,
સૂર છેડવા કેવા, ક્યારે ? એ જોવાનું તારે !"

ભગવાન તો ભાવનાના ભૂખ્યા છે. ભાવનાથી મૂકેલા રુક્મિણીના તુલસીદલથી તેઓ તોલાયા છે. દુર્યોધનના છપ્પન ભોગનો ત્યાગ કરીને તેઓ વિદુરજીની ભાવભીની ભાજી જમ્યા છે. પોતાના કાર્યમાં સહાયક બનેલા પાંડવોના રાજસૂય યજ્ઞમાં તેમણે એઠવાડ ઉપાડ્યો છે, તેમજ અર્જુનના રથના સારથિ બનીને તેમણે તેના ઘોડાઓને પણ નવડાવ્યા છે.

આપણે પણ જો સાચી ભાવનાથી પ્રભુકાર્ય કરવા લાગીએ તો આપણા આંગણે પણ જન્માષ્ટમીની રાત્રિ આવે, શ્રીકૃષ્ણ નારાયણ પ્રગટે અને એમની પાપાપગલી આપણા અંતરાત્માને ધન્ય બનાવી દે.

ચતુર્માસમાં વ્રત વિશેષતા

વ્રત-ઉપવાસ નામ આવે એટલે તરત મન વિચારે ચડે. આખો દિવસ મોંઢામાં ઓરવાનું ચાલું રાખનારને ઉપવાસનું નામ સાંભળતા જ અશક્તિનો અનુભવ થવા માંડે છે! ત્યારે વ્રત-ઉપવાસ કરવા તો કેટલા કઠણ પડે!

પરંતુ એક દૃષ્ટિએ વિચારીએ હિન્દુ, જૈન, મુસ્લીમ જેવા દરેક ધર્મોના સાથે સાથે આજનું વિજ્ઞાન પણ ચોમાસાના ચાર મહિના આહાર નિયંત્રણ ઉપર ભાર મૂકે છે. તો આની પાછળનું કારણ પણ કંઈક તો હશે જ.

કારણ એકદમ સુગમ છે. વર્ષાઋતુમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધાર હોય છે અને સૂર્ય પ્રકાશ ઓછો હોય છે. ત્યારે આરોગ્ય અને પાચન માટે અતિ જરૂરી તેજ તત્ત્વનો અભાવને લીધે મંદ બનેલું પાચન તંત્ર ખાધેલો ખોરાક પચાવી શકતું નથી. આ ઉપરાંત શરીરમાં સ્ફૂર્તિ ઓછી હોય, વરસાદને કારણે ઘણીવાર કામ વિના બેસી રહેવું પડે ત્યારે પાચનતંત્રને વધારે ભાર પડે છે. આવા કારણોથી ચોમાસાના ચાર મહિના આહારનું નિયમન ઘણું જરૂરી છે. માટે જ આપણા ઋષિઓએ ચોમાસાના ચાર મહિના દરમિયાન કરાતા વ્રત-ઉપવાસને આધ્યાત્મિકતા સાથે વણી લીધા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રી તેમજ ધર્મામૃતમાં ચાતુર્માસ દરમિયાન વ્રત-ઉપવાસ કરવાનો નિર્દેશ કર્યો છે. ભગવાનની આ આજ્ઞાને માથે ચડાવી

સંત ભક્તો ચાતુર્માસ દરમિયાન શાસ્ત્રોમાં કહેલા જુદાજુદા પ્રકારના કેટલાય વ્રતો કરે છે. સત્સંગિજીવનમાં આવા કેટલાંક વ્રતોની નોંધ શતાનંદ સ્વામીએ આપી છે, જે આપણે અહીં જોઈશું.

વ્રતોના પ્રકાર અને તેની વિધિ

૧. જવ ચાંદ્રાયણ : સુદ પક્ષમાં પડવાથી પૂર્ણિમા સુધી રોજ તિથિ મુજબ કોળિયા ૧,૨,૩,... એમ વધારતાં પૂનમના પંદર કોળિયા. તે જ રીતે વદ પક્ષમાં પડવાથી ૧૪, ૧૩, ૧૨... એમ ઘટાડતાં વદ ચૌદશે એક કોળિયો લેવો તથા છેલ્લે અમાસને દિવસે ઉપવાસ કરવો. જેમ જવનો દાણા વચ્ચે જાડા છે ને બેઉ છેડા પાતળા છે તેજ રીતનું આ વ્રત હોવાથી આ વ્રતને જવ ચાંદ્રાયણ કહેવામાં આવે છે. વૃદ્ધિ ને ક્ષયમાં પણ તે તે તિથિને અનુસરવાનું હોય છે.

★ અહીં બતાવેલા બધા જ ચાંદ્રાયણ વ્રતોમાં કોળિયો આંબળાના ફળ જેવડો જ હોવો જરૂરી છે.

૨. પિપીલિકા ચાંદ્રાયણ વ્રત : વદ પક્ષના પડવાથી ચૌદશ સુધી ૧૪ થી ચાલુ કરી૧ કોળિયો જમવો, અમાસના દિવસે ઉપવાસ કરવો. ફરી સુદ પક્ષના પડવાથી ૧,૨,૩... એમ કોળિયા વધારતાં પૂનમે ૧૫ કોળિયા જમવા. જેમ કીડી કમરથી પાતળી છે ને બંને બાજુ જાડી છે, તેમ આ ચાંદ્રાયણમાં આરંભે ને અંતે વધુ કોળિયા લેવાય છે, વચ્ચે ઓછા કોળિયા લેવાતા હોવાથી આ વ્રત પિપીલિકા ચાંદ્રાયણ થાય છે.

૩. દંડ ચાંદ્રાયણ વ્રત : એક મહિના સુધી રોજ મધ્યાહન પછી આઠ કોળિયા લે તે વ્રતને દંડ ચાદ્રાયણ કહેવાય છે.

૪. શિશુ ચાંદ્રાયણ વ્રત : દિવસમાં બેવાર ચાર-ચાર કોળિયા લે, તેને શિશુ ચાંદ્રાયણ કહેવાય છે.

૫. ઋષિ ચાંદ્રાયણ વ્રત : આ વ્રતમાં દિવસમાં એકવાર માત્ર ત્રણ કોળિયા લેવાના, મહિના સુધીમાં ૯૦ કોળિયા પૂર્ણ કરવાના હોય છે.

૬. સોમાયન વ્રત : આ વ્રતમાં ૨૭ દિવસ સુધી કેવણ ગાયનું દૂધ પીવાનું હોય છે અને છેલ્લા ત્રણ દિવસ ઉપવાસ કરવાના હોય છે. આ વ્રતમાં દૂધના કેટલું અને કયા પ્રકારે લેવું ? એની પણ વિધિ આપી છે. પ્રથમ સાત દિવસ એક ગાયના ચાર આંચળનું દૂધ, પછીના સાત દિવસ એ જ ગાયના ત્રણ આંચળનું દૂધ પીવું, તે પછીના સાત દિવસ બે આંચળનું દૂધ પીવું, છેલ્લા ૬ દિવસ સુધી એક આંચળનું દૂધ પીવું. છેલ્લા ત્રણ દિવસ ઉપવાસ કરવા.

૭. કૃચ્છ્ર વ્રત : સોળ દિવસ કરાતા આ વ્રતમાં પ્રથમ ચાર દિવસ મધ્યાહ્ને એક વાર જમવું, પછીના ચાર દિવસ સાંજે સૂર્યાસ્ત પછી એક વાર જમવું, પછીના ચાર દિવસ માગ્યા વિના કોઈ આપે તે એક વાર જમવું, ને છેલ્લા ચાર દિવસ ઉપવાસ કરવો.

૮. પાદકૃચ્છ્ર વ્રત : સોળ દિવસ સુધી કરાતા આ વ્રતમાં પ્રથમ દિવસે બપોર પછી એકવાર ભોજન કરવું, બીજે દિવસ સૂર્યાસ્ત પછી એક વાર ભોજન કરવું, ત્રીજે દિવસ માગ્યા વિના મળેલું એકવાર જમવું અને ચોથે દિવસ ઉપવાસ કરવો. આમ ચાર દિવસનું એક ચક્ર, એવા ચાર ચક્ર પૂરા કરવાના હોય છે.

૯. તપ્તકૃચ્છ્ર વ્રત - ૧ : આ વ્રત કરનારે ગરમ કરેલું દૂધ, ગરમ ઘી અને ગરમ પાણી, ત્રણે ભેગું કરી દિવસમાં એક વાર પીવું અને બીજે દિવસે ઉપવાસ કરવો.

૧૦. તપ્તકૃચ્છ્ર વ્રત-૨ : આ વ્રતમાં એક દિવસ ગરમ કરેલું દૂધ, એક દિવસ ગરમ ઘી, એક દિવસ ગરમ પાણી પીવું અને ચોથે દિવસે નિર્જલા ઉપવાસ કરવો.

૧૧. મહાતપ્તકૃચ્છ્ર વ્રત : આ વ્રત કરનારે ત્રણ-ત્રણ દિવસ પોણો શેર જળ, અર્ધો શેર દૂધ ને પાશેર ઘી ગરમ કરીને એક એકવાર પીવો અને છેલ્લા ત્રણ દિવસ ગરમ વાયુ પીએ કહેતા નિર્જળા ઉપવાસ કરવો

૧૨. શીતકૃચ્છ્ર વ્રત : જેમ તપ્તકૃચ્છ્ર વ્રતમાં ગરમ જળ, દૂધ, ઘી લેવાનો કહ્યું છે તે જ રીતે આ વ્રતમાં ઠંડા લેવા.

૧૩. સાંતપન વ્રત: એક દિવસ પંચ ગવ્ય-ગાયનું દૂધ, ઘી, દહીં, ગોમુત્ર, છાણને દર્ભયુક્ત જળમાં મિશ્રિત કરીને પીવું અને બીજે દિવસે નિર્જળા ઉપવાસ કરવો.

૧૪. મહાસાંતપન વ્રત-૧ : કેવળ એક એક પંચ ગવ્યને ક્રમાનુંસાર પાંચ દિવસ પીએ, છઠ્ઠા દિવસં કુશોદક જળ પીએ ને સાતમે દિવસ નિર્જળા ઉપવાસ કરવો.

૧૫. મહાસાંતપન વ્રત -૨ : ઉપર કહેલાં સાત દિવસના વ્રતને ત્રણવાર એટલે કે ૨૧ દિવસ સુધી કરવું.

૧૬. મહાસાંતપન વ્રત - ૩ : ત્રણ દિવસ સુધી એક પંચગવ્ય, એમ ક્રમની પાંચ દ્રવ્યોના ૧૫ દિવસના વ્રતને પણ મહાસાંતપન વ્રત કહે છે.

૧૭. સાધ્ય સાંતપન વ્રત : રોજ જુદી જુદી ગાયનાં

એક પંચગવ્ય ગ્રહણ કરે ને છઠ્ઠે દિવસ કુશોદક લઈ સાતમે દિવસ નિર્જળા ઉપવાસ કરવો.

૧૮. યતિ સાંતપન વ્રત : આ વ્રતમાં ત્રણ દિવસ સુધી કેવળ પંચ ગવ્યનું જ ભોજન કરવું.

૧૯. યમ સાંતપન વ્રત : બાર દિવસના આ વ્રતમાં બે બે દિવસ એક એક પંચ ગવ્યનું ભોજન કરે અને છેલ્લા બે દિવસ કુશોદક જળ ગ્રહણ કરવા.

૨૦. પર્ણ કૃચ્છ્ર વ્રત : આ વ્રત કરનારે પ્રથમ દિવસે ખાખરાના પાન, બીજે દિવસે ઉમરડાનાં પાન, ત્રીજે દિવસે કમળના પાન, ચોથે દિવસે બીલીવૃક્ષનાં પાન ને પાંચમે દિવસે દર્ભને ઉકાળી એનું જળ પીવું.

૨૧. પર્ણ કૂર્ચ વ્રત : પહેલા ત્રણ દિવસ ઉપવાસ કરીને ચોથે દિવસે ઉપર કહેલાં બધાં પર્ણો એક સાથે ઉકાળી ને તે જળને પીવું.

૨૨. ફળકૃચ્છ્ર વ્રત : એક માસ સુધી કેવળ ફળો જ જમવા.

૨૩. શ્રીકૃચ્છ્ર વ્રત - ૧ : એક માસ સુધી કેવળ બીલીફળ (બીલાં) ખાઈને રહેવું.

૨૪. શ્રીકૃચ્છ્ર વ્રત-૨ : એક માસ સુધી કેવળ આમળાં ખાઈને રહેવું.

૨૫. પદ્મકૃચ્છ્ર વ્રત : એક માસ કમળકોશમાં ઉદ્‌ભવતાં ફળો ખાઈને રહેવું.

૨૬. પત્રકૃચ્છ્ર વ્રત : એક માસ સુધી કેવળ પાંદડાં ખાઈને રહેવું.

૨૭. પુષ્પકૃચ્છ્ર વ્રત : એક માસ સુધી કેવળ પુષ્પો ખાઈને રહેવું.

૨૮. મૂળકૃચ્છ્ર વ્રત : એક માસ સુધી કેવળ મૂળ ખાઈ ને રહેવું.

૨૯. તોયકૃચ્છ્ર વ્રત : એક માસ સુધી કેવળ પાણી પીને રહેવું.

૩૦. ક્ષીરકૃચ્છ્ર વ્રત : એકમાસ સુધી કેવળ દૂધ પીને રહેવું.

૩૧. સાધ્ય પ્રાજાપત્ય કૃચ્છ્ર વ્રત : બાર દિવસ સુધી કરાતું વ્રત. પહેલા ત્રણ દિવસ સવારે એકવાર જમે, બીજા ત્રણ દિવસ સાંજે એકવાર જમે, ત્રીજા ત્રણ દિવસ માંગ્યા વિના મળેલું જમે ને ચોથા ત્રણ દિવસ ઉપવાસ કરે.

૩૨. અતિકૃચ્છ્ર વ્રત : ઉપર કહેલું બાર દિવસનું વ્રત એ જ ક્રમે એ જ સમયે કરે, પરંતુ વિશેષ એટલું કે ત્રણ કોળીયાથી વધુ અન્ન ન લે, ને છેલ્લા ત્રણ દિવસ ઉપવાસ કરે.

૩૩. કચ્છ્રાર્ધ વ્રત : આ વ્રત કરનાર એક દિવસ સાંજે, એક દિવસ સવારે ને બે દિવસ માંગ્યા વિના મળેલું જમે, ને બે દિવસ ઉપવાસ કરે.

૩૪. કૃચ્છ્રાતિકૃચ્છ્ર વ્રત-૧ : એક દિવસ દિવસ કેવળ દૂધપાન કરે.

૩૫. કૃચ્છ્રતિકૃચ્છ્ર વ્રત-૨ : બાર દિવસ કેવળ જળપાન કરે.

૩૬. કૃચ્છ્રતિ કૃચ્છ્ર વ્રત-૩ : બાર દિવસના આ વ્રતમાં પહેલાત્રણ દિવસ સવારે જળ પીએ, બીજા ત્રણ દિવસ સાંજે ને ત્રીજા ત્રણ દિવસ માગ્યા વિના જળ મળે તે પીએ અને છેલ્લા ત્રણ દિવસ નિર્જળા ઉપવાસ કરવા.

૩૭. પારાકકૃચ્છ્ર વ્રત : બાર દિવસ સુધી લાગટ ઉપવાસ કરવા.

૩૮. સૌમ્યકૃચ્છ્ર વ્રત -૧ : આ ચાર દિવસના વ્રત્મા પ્રથમ દિને પીસેલા તલ, બીજા દિવસે સાથવો, ત્રીજા દિવસે કેવળ છાશ પીએ અને ચોથા દિવસે ઉપવાસ કરવો.

૩૯. સૌમ્યકૃચ્છ્ર વ્રત-૨ : પાંચ દિવસના આ વ્રતમાં ઉપર કહ્યા પ્રમાણે ક્રમે પીસેલા તલ, સાથવો, છાશ, ચોથે દિવસે ઉકાળેલું જળ પીએ અને પાંચેય દિવસ ઉપવાસ કરે.

૪૦. સૌમ્યકૃચ્છ્ર વ્રત-૩ : છ દિવસના આ વ્રતમાં ક્રમ પ્રમાણે એક એક દિવસ પીસેલા તલ, ઓસામણ, છાશ , ઉકાળેલું જળ, સાથવો અને છઠ્ઠે દિવસે ઉપવાસ કરવો.

૪૧. તુલાપુરુષકૃચ્છ્ર વ્રત-૧ : પીસેલા તલ, ઓસામણ, છાસ, જળ ને સાથવો ક્રમે ત્રણ ત્રણ દિવસ સુધી જમવું. આમ પંદર દિવસનું વ્રત છે.

૪૨. તુલાપુરુષકૃચ્છ્ર વ્રત-૨ : ૨૧ દિવસના આ વ્રતમાં પીસેલા તલ, ઓસામણ, છાસ, જળ, સાથવો ત્રણ ત્રણ દિવસના ક્રમથી જમે અને છેલ્લા છ દિવસ ઉપવાસ કરવો.

૪૩. બ્રહ્મકૂર્ચ વ્રત : આ વ્રતમાં પહેલા દિવસે ઉપવાસ કરીવો અને બીજે દિવસ પંચગવ્યને કુશોદક જળમાં મેળવી જમવું.

૪૪. આગ્નેયકૃચ્છ્ર વ્રત : બાર દિવસ સુધી માત્ર તલ જ જમવા.

૪૫. યામ્યકૃચ્છ્ર વ્રત : ગાયોને ખવડાવેલા જવ જ્યારે છાણમાં બહાર નીકળે તેનો સાથવો કરી એક માસ

સુધી આ વ્રતમાં જમવું.

૪૬. ઉત્તમ ચાન્દ્રકૃચ્છ્ર વ્રત : આ વ્રતમાં પૂર્વોક્ત જવને એક માસ સુધી સાથવો કર્યા વિના કેવળ લૂખા ભક્ષણ કરવા.

૪૭. કૌબેરકૃચ્છ્ર વ્રત : પોતાના ખોબામાં સમાય તેટલા પીસેલાં તલ એક માસ સુધી રોજ એકવાર ગ્રહણ કરવા.

૪૮. ગોવ્રત : આ વ્રત કરનાર એક માસ સુધી ગોમૂત્રથી જ સ્નાન કરે, ગોમયનું જ ભક્ષણ કરે, ગાયોની સાથે જ દિવસ પસાર કરે, ગાયોની સાથે જ સૂઈ રહે, ગાયો જળ ન પીતાં પોતે પણ જ પીએ, ગાયો આહાર ન લે તો પોતે પણ ગોમય ન લે, ગાયો ઊભી રહેતાં તો પોતે ઊભો રહે ને બેસે તો બેસે.

૪૯. ઉદાલક વ્રત : ૮૯ દિવસના આ વ્રતમાં બે માસ સુધી ફક્ત અમિક્ષા કહેતા દૂધને ફાડીને પાણી નિતારી જે વધે તે જ ખાય, પંદર દિવસ ફક્ત દૂધ જ પીએ, તે પછીના આઠ દિવસ દહીં જમે, ત્રણ દિવસ માત્ર ઘી જ જમે અને છેલ્લા ત્રણ દિવસ ઉપવાસ કરવા.

૫૦. માસોપવાસ વ્રત : સળંગ એક મહિનો ઉપવાસ કરવા.

૫૧. ખટરસ વ્રત : મધુર, તીખો, ખારો, ખાટો, કડવો અને તૂરો - આ છ રસયુક્ત અન્નનો એક મહિના સુધી ત્યાગ કરવો. કેવળ મોળું, સ્વાદ રહિત, રસ વગરનું પેટ ભરવા પૂરતું લેવાય. મીઠા વગરની રોટલી, કાકડી, કોબી જેવા સ્વાદ રહીત આહાર લેવા, તેને ખટરસ વ્રત કહેવાય.

૫૨. ધારણાં - પારણાં વ્રત : એક માસ સુધી એક દિવસ ઉપવાસ કરવો અને બીજે દિવસે જમવું, ત્રીજે દિવસે ફરી ઉપવાસ કરવો. આમ એક મહિનામાં પંદર દિવસ ભોજન કરવા અને પંદર દિવસ ઉપવાસ કરવા.

ઉપરોક્ત તમામ વ્રતોનું વર્ણન સત્સંગિજીવનના પાંચમાં પ્રકરણના ૪૭ માં અધ્યાયમાં કરવામા આવ્યું છે.

અમેરિકામાં સવાનાહ - જ્યોર્જીયા ખાતે SGVP ઇન્ટરનેશનલ ગુરુકુલની સ્થાપના

ભગવાન શ્રી સ્વામિનારાયણની અનન્ય કૃપા અને સદ્‌ગુરુઓના આશીર્વાદથી અમેરિકામાં કાર્યરત શ્રી ધર્મજીવન મિશન ટસ્ટ દ્વારા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી (અધ્યક્ષ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ - **SGVP**)ની પ્રેરણા સાથે અમેરિકાના જ્યોર્જીયા રાજ્યના સવાનાહ ખાતે પચાસ એકર જમીનનું સંપાદન કરવામાં આવ્યું છે.

પચાસ એકરમાં પથરાયેલ આ વિશાળ કેમ્પસમાં વીસ એકરનું વિશાળ સરોવર પથરાયેલું છે તથા નવું જ નિર્માણ પામેલ ચર્ચ આવેલું છે. આ ઉપરાંત ચારસો લોકો બેસી શકે તેવું ખુરસીઓ સાથેનું વિશાળ ઓડીટોરીયમ, આઠ ક્લાસરૂમ, બે કોન્ફરન્સ રૂમ, સો માણસોનું ભોજન બની શકે તથા જમી શકે તેવું ભોજનાલય વગેરે નવા જ બાંધકામ સાથે તૈયાર છે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની નિશ્રામાં આયોજિત જમીન સંપાદન સમારોહ પ્રસંગે મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારતથી પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ ફોન દ્વારા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, **SGVP** ગુરુકુલના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાવા જઈ રહેલ આ પ્રસંગ પાછળ ભગવાન શ્રી સ્વામિનારાયણની અમિદૃષ્ટી, ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી, પૂજ્ય પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા પૂજ્ય જોગી સ્વામીના આશીર્વાદ કારણભૂત છે. ભવિષ્યમાં આ કેમ્પસ દ્વારા સમાજને શ્રેષ્ઠ શિક્ષણની સાથે સાથે ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારની પ્રાપ્તિ થાય તેવા પ્રયત્નો કરવામાં આવશે.

આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા શ્રી ધર્મજીવન મિશન ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટિ ડૉ. શ્રી વિજયભાઈ ઘડુક (પેન્સિલવેનિયા), ડૉ. શ્રી જય હરખાણી (સેલીસબરી), ડૉ. શ્રી જેરામ કણકોટિયા, વિજય સોલંકી (ફ્લોરીડા), મનુભાઈ (જેક્સનવિલ) વગેરે ભક્તો તથા સારી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સવાનાહના સ્થાનીક ભાઈ-બહેનોએ જમીન સંપાદન તેમજ કાર્યક્રમને સફળ બનાવવામાં ઉત્સાહથી સેવા બજાવી હતી.

સમાચાર દર્શન

રથયાત્રા મહોત્સવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-મેમનગર, અમદાવાદ મુકામે તારીખ ૬ જુલાઈ, અષાઢ સુદ બીજના પવિત્ર દિને ભવ્ય રથયાત્રા મહોત્સવ ઉજવાયો. પ્રાર્થના ભવનમાં બિરાજમાન ભગવાન જગન્નાથજી, બલરામજી તથા સુભદ્રાદેવીની ભવ્ય નગરયાત્રામાં હજારો ભક્તજનો જોડાયા. મધ્યાહ્ને ૨:૩૦ કલાકે પ્રાર્થના ભવનમાં વૈદિક વિધિ સાથે ભગવાન જગન્નાથજીનું ભવ્ય પૂજન કરવામાં આવ્યું. પૂજન પૂર્ણ થતાંની સાથે પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, ઓડાના ચેરમેન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રથમાં બિરાજમાન ભગવાન શ્રી જગન્નાથજીનું પૂજન કરીને માર્ગ માર્જન કરીને રથનું પ્રસ્થાન કરાવ્યું હતું.

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં વિહાર કરીને ભગવાને ભક્તજનોની સેવાનો સ્વીકાર કર્યો હતો. રથયાત્રાને વધાવવા માટે અનેક વિસ્તારોના ભાવિકોએ આરતી, પુષ્પહાર, પ્રસાદ તથા વિવિધ પ્રકારની સામગ્રી દ્વારા ભગવાનનું પૂજન કર્યું હતું. વિવિધ વિસ્તારના ભાવિકોએ વિવિધ પ્રકારના અલ્પાહાર તથા પેય સામગ્રીઓ દ્વારા રથયાત્રામાં જોડાયેલા ભક્તજનોની સેવા કરી હતી. ભક્તજનોને પ્રસાદ વિતરણની સેવામાં તથા અન્ય વ્યવસ્થામાં પણ વિવિધ ધાર્મિક તથા સામાજીક સંસ્થાઓએ સેવાનો લાભ લીધો હતો. નગર વિહાર કરીને ગુરુકુલના પ્રાંગણમાં પધારેલા ઠાકોરજીને સંતો-ભક્તોએ આરતી તથા પૂજન દ્વારા વધાવ્યા હતા. આ જ દિવસે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીનો જન્મદિન હોવાથી પૂજ્ય ગુરુદેવનું વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું. આ પવિત્ર પ્રસંગે અખંડ ધૂન તથા વિદ્યાર્થીઓ દ્વારા સવિશેષ ભજન પણ થયું હતું.

ગુરુપૂર્ણિમા મહોત્સવ

ભારતીય સંસ્કૃતિના આધારભૂત વેદ, પુરાણો અને મહાભારત જેવા શાસ્ત્રોનું સર્જન કરીને માનવજાત ઉપર જેમણે મહાઉપકાર કર્યો છે એવા ભગવાન વેદવ્યાસની દાર્શનિક અને આધ્યાત્મિક પરંપરા પ્રત્યે કૃતજ્ઞતા અભિવ્યક્ત કરવાનો પરમ પવિત્ર દિવસ એટલે ગુરુપૂર્ણિમા મહોત્સવ. શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (**SGVP**) છારોડી ખાતે તારીખ ૧૯ જુલાઈના રોજ અનેરા ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવ પૂર્ણ ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ગુરુમહિમાના ભક્તિપદોના ગાન સાથે પ્રારંભ થયેલ ઉત્સવમાં ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીએ વેદમંત્રોના ગાન સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણનું પૂજન કરી ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પુરાણી સ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી તથા અખંડ ભગવદ્ પરાયણ પૂજ્યપાદ જોગી સ્વામીની પ્રતિમાનું ભાવપૂજન કર્યું હતું.

આજરોજ વિદેશ યાત્રાથી પધારેલા ગુરુકુલ પરિવારના ગુરુ સ્થાને બરાજમાન પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીનું પૂજન પૂજ્ય પુરાણી સ્વામી તથા સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા સહુ સંતોએ કર્યું હતું. ત્યારબાદ સદ્‌ગુરુ પૂજન માટે પધારેલા દરેક હરિભકતોએ શ્રીફળ-સાકર તેમજ ફૂલ, કાજુ, બદામ, કિસમિસ, ચોકલેટ, મમરા, મગફળી, તલ, વગેરે વસ્તુઓના હાર બનાવી ભાવથી પૂજ્ય સ્વામીજીનું પૂજન કર્યું હતું.

આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ શુભાશીર્વાદ પાઠવતા જણાવ્યું હતું કે "ગુરુના માર્ગદર્શન પ્રમાણે, તેમણે ચીંધેલા માર્ગે ચાલવાથી આ ભવસાગર તરવો ખૂબ સરળ બની જાય છે." ઉપરાંત પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પૂજ્ય શ્રીહરિદાસજી સ્વામીએ પણ સહુ ભક્તજનોને શુભાશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ગુરુકુલના સર્વે ટ્રસ્ટીઓ તથા મુંબઈ, સુરત, રાજકોટ, ઉના, ભૂજ, વડોદરા, અંકલેશ્વર, અમદાવાદ વગેરે સ્થાનોથી ગુરુકુલ પરિવારના ભક્તજનો ગુરુપૂજન માટે ઉપસ્થિત રહ્યા હતા.

સત્સંગયાત્રા, યુ.કે.

હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર, બોલ્ટન

પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની યુ.કે. સત્સંગ યાત્રા દરમિયાન ભારતીય સંસ્કૃતિલક્ષી અનેકવિધ આયોજન થયા હતા.

યુ.કે. સ્થિત બોલ્ટન સીટીમાં આવેલ શ્રી કચ્છી લેવા પટેલ સમાજ ખાતે હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બોલ્ટન સ્થિત વિવિધ હિંદુ સંસ્થાના અનુયાયીઓએ ભાગ લીધો હતો.

સેમિનારના મંગલ પ્રારંભે સ્વામીજી તથા શ્રી કચ્છી લેવા પટેલ સમાજના આગેવાનોના વરદ હસ્તે વૈદિક મંત્રગાન સાથે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. સેમિનારમાં પધારેલા ભક્તજનોને સત્સંગ લાભ આપતા પૂ. સ્વામીજીએ ઓમકારનો મહિમા જણાવતા કહ્યું હતું કે, "વિશ્વની તમામ ભાષાઓ કરતા સંસ્કૃત ભાષા વિશાળ છે. સંસ્કૃતમાં ખૂબ જ ઊંડાણ છે. વેદોમાં અનેક પ્રકારના મંત્રો છે. તેમાં સર્વ મંત્રોનું બીજ ૐકાર છે. ૐકારમાં જ સર્વ શબ્દો સમાયેલા છે." સ્વામીજીની જ્ઞાનસભર સરળતાથી બોધ પાઠવતી અમૃતવાણીથી સૌ ભાવિકો પ્રસન્ન થયા હતા.

આ પ્રસંગે સ્વામીજી સાથે પ્રશ્નોત્તરીનો અનોખો કાર્યક્રમ ગોઠવાયો હતો. જેમાં યુવાન ભાઈ-બહેનોએ પોતાના હૃદયમાં ઉપજતા અનેક પ્રશ્નો સ્વામીજીને પૂછ્યા હતા, જેના સ્વામીજીએ વર્તમાન સમયને આધારે ખૂબ જ સચોટ ઉત્તર પાઠવ્યા હતા. આ સેમિનારમાં હિંદુ જીવન રીતિ, જીવનમાં દિવ્યતા પ્રગટાવવાના ઉપાયો તથા આત્મકલ્યાણના ઉપાયો વગેરે વિષયોને આધારે યુવાન સંતોએ પ્રેઝન્ટેશન સાથે મનનીય પ્રવચનો કર્યા હતા. સેમિનારના દ્વિતીય દિને સવારે મહાપૂજાનું આયોજન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તજનોએ ભગવદ્ પૂજાનો લાભ લીધો હતો.

સમગ્ર સભા મંડપમાં ત્રિરંગા લહેરાઈ રહ્યા હતા. આખો સભામંડપ ભારતીયતાના રંગથી રંગાયેલો હતો. વિશાળ હોલની સજાવટમાં ઉત્સાહી બહેનોએ ખૂબ જ ભાવથી સેવા કરી હતી. શ્રી કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખશ્રી મૂળજીભાઈ હિરાણી, ઉપપ્રમુખશ્રી કાનજીભાઈ વસ્તા, હરિશભાઈ વરસાણી, હિરજીભાઈ કારા, કીર્તિ હિરાણી, રવિ પટેલ, સુરેશ પીંડોરીયા, કેતન મકાણી, કુરજીભાઈ પીંડોરીયા, દેવજીભાઈ હાલાઈ, ખીમજીભાઈ ઝીણા, દેવશીભાઈ માયાણી, ભૂપેન્દ્ર વસ્તા, કમિટીના સભ્યો તથા યુવાન ભાઈ-બહેનોએ સેમિનારને સફળ બનાવવામાં ખૂબ જ ઉત્સાહથી સેવા બજાવી હતી.

સત્સંગ સભા, જલારામ મંદિર-લંડન

યુ.કે. સત્સંગ યાત્રા દરમિયાન પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી લંડન ખાતે જલારામ મંદિરમાં પધાર્યા હતા. આ પ્રસંગે મંદિરનું સંવાહન કરતા ટ્રસ્ટી મિત્રોએ ખૂબ જ આનંદપૂર્વક સ્વામીશ્રીનું સ્વાગત પૂજન કર્યું હતું.

દર ગુરુવારે મંદિરમાં ચાલતા સદાવ્રતને વધાવતા સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે, "ભારતીય સંસ્કૃતિમાં ઈષ્ટદેવની પૂજા, શાસ્ત્રોનો સ્વાધ્યાય, માતા-પિતાની સેવા, માનવમાત્રની સેવા તથા જીવપ્રાણીમાત્રની સેવા આ પાંચ યજ્ઞોનું પ્રાધાન્ય છે."

આ પ્રસંગે લંડનના વિવિધ વિસ્તારમાંથી મંદિરમાં પૂજા અર્ચન માટે એકત્રિત થયેલા ભક્તજનો સ્વામીશ્રીની ઉપદેશવાણીનું શ્રવણ કરીને ખૂબ જ પ્રસન્ન થયા હતા. ભક્તજનો તથા મંદિરના અગ્રણીઓ શ્રી શરદભાઈ ભીમજીયાણી, રશ્મીભાઈ ચટવાણી, રજનીભાઈ ડાવરા, અમૃતભાઈ રાજાણી, મનસુખભાઈ મોરજરીયા, લક્ષ્મીદાસભાઈ પોપટ, રજનીભાઈ ખીરોયા, પ્રકાશભાઈ ગંડેચા, પ્રફુલભાઈ રાડિયા, અમૃતાબેન મસરાણી, જયુભાઈ મોરજરીયા વગેરેએ સ્વામીશ્રીને અવારનવાર પધારવા ભાવપૂર્વક આગ્રહ કર્યો હતો. પુજારી શ્રી પલ્કેશભાઈ તથા પિયુષભાઈએ પૂજનવિધિ તથા આરતી કરાવી હતી.

હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર, લંડન

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના સાનિધ્યમાં લંડન મુકામે ત્રિદિનાત્મક હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારનું આયોજન થયું હતું. નોર્થહોલ્ટ મુકામે આવેલ 'શ્રી કચ્છ લેવા પટેલ

સમાજ'(SKLPC)માં આયોજીત આ સેમિનારના મંગલ ઉદ્‌ઘાટન પ્રસંગે સ્વામીશ્રીએ સૌના અંતરમાં રહેલો ચૈતન્ય જ્ઞાનના પ્રકાશથી પ્રજ્વલિત બને તેવી મંગલ ભાવના સાથે દીપ પ્રાગટ્ય કર્યું હતું. આ પ્રસંગે સમાજના અગ્રણીઓ સ્વામીશ્રીની સાથે જોડાયા હતા. જેમાં શ્રી રવજીભાઈ વરસાણી-મોશી, હરિભાઈ હાલાઈ(ટ્રસ્ટીશ્રી, હિંદુ ફોર્મ ઓફ બ્રિટન), ગોવિંદભાઈ વાગજીયાણી, ભીમજીભાઈ વેકરીયા(મેટ્રો પોલીટન, ચીફ પોલીસ ઓફિસર), ધનજીભાઈ વેકરીયા(ગોલોક કન્સ્ટ્રકશન, નાઈરોબી), ધનજીભાઈ ભંડેરી, મિતેશભાઈ વેકરીયા(ડાયરેક્ટર ઓફ વાસકોફ્ટ ફાઉન્ડેશન), વિશ્રામભાઈ વરસાણી-કાર્ડિફ, કાનજીભાઈ હિરાણી(ચેરમેન ઓફ ટ્રસ્ટી બોર્ડ-**SKLPC**), વાલજીભાઈ રાઘવાણી-બળદિયા, **SGVP** ગુરુકુલ પરિવારના અગ્રણી રવજીભાઈ હિરાણી, સમાજના સેક્રેટરી સૂર્યકાંતભાઈ વરસાણી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. વૈદિક મંત્રોના ગાન સાથે થયેલા દીપ પ્રાગટ્ય પ્રસંગે સભામાં અનેરી દિવ્યતા છવાઈ હતી.

સંત પૂજન અને સ્વામી રામસુખદાસજી દ્વારા થયેલા પ્રાસ્તાવિક પ્રવચન બાદ પૂજ્ય સ્વામીજીએ ભક્તજનોને જીવન સંદેશ પાઠવ્યો હતો. સર્વશાસ્ત્રોના સારરૂપ વચનામૃતના એક પ્રકરણના સંદર્ભનું ઉદ્‌ઘાટન કરતા સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે, "આ સેમિનારનો વિષય છે, 'ચલો, આપણે ઘેર...' આ વિશે ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે, પંખી સાંજે માળે આવે છે. પશુ સાંજે ખીલે આવે છે. મનુષ્ય સાંજે ઘરે આવે છે એ જ રીતે સાધકોએ પરમાત્મ સ્વરૂપમાં વિરામ કરવાનો અભ્યાસ કરવો જોઈએ."

ત્રણ દિવસના આ સત્ર દરમિયાન સ્વામીશ્રીએ યુવાનોને આનંદ આવે એ રીતે વિજ્ઞાન અને શાસ્ત્રોની તુલના કરી પ્રવચનો આપ્યા હતા. પરમાત્મા કોઈ દૂર દૂરની ભૂમિકામાં જ વસે છે એવું નથી પરંતુ સૃષ્ટિના કણે કણમાં પરમાત્માનો વાસ છે માટે આપણે સૃષ્ટિ અને પ્રાણીમાત્ર પ્રત્યે આદર અને પ્રેમ રાખવો જોઈએ.

હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારના દ્વિતીય દિને પૂજ્ય સ્વામીજી લિખિત નૂતન ગ્રંથ 'ભગવાન સ્વામિનારાયણ ચરીતગાથા'નું વિમોચન કરવામાં આવ્યું હતું. ગ્રંથના વિમોચન પ્રસંગે લંડન સ્થિત અનેક હિંદુ સંસ્થાના તથા સામાજીક શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શ્રી સ્ટોફેન પાઉન્ડ(એમ.પી., લંડન), ઉમેશચંદ્ર શર્મા (રામજી મંદિર), શશીભાઈ વેકરીયા, નાનજીભાઈ વેકરીયા, રામજીભાઈ કેરાઈ, નારાયણભાઈ રાઘવાણી, નારાયણભાઈ વરસાણી, પ્રેમજીભાઈ વરસાણી, કિરણભાઈ વાગજીયાણી, લક્ષ્મણભાઈ હાલાઈ, વિનોદભાઈ વરસાણી, વાલજીભાઈ ડબાસીયા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સ્વામીશ્રીએ પોતાના અંતરની પ્રસન્નતા વ્યક્ત કરતા આ ગ્રંથ લખવાની પ્રેરણા આપનાર સુપ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી સુરેશભાઈ દલાલનો આભાર વ્યક્ત કર્યો હતો અને પોતે આ ગ્રંથમાં લખાયેલી એક એક ઘટનાઓની ખરાય કઈ રીતે કરી તે અંગે સ્પષ્ટતા કરી હતી.

શનિવારની રાતે યુવાનો તથા બાળકો દ્વારા રજૂ થયેલા કાર્યક્રમમાં દશાવતાર નૃત્ય, બાળ નૃત્ય, રૂપક, કવ્વાલી તથા ચરિત્ર કથન જેવા સુંદર કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ નિહાળીને ભક્તજનોએ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારના સમાપન પ્રસંગે **SGVP Gurukul Parivar** ની બાલિકાઓ તથા બહેનો દ્વારા અત્યંત સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નાના-મોટા ૬૦ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં વિવિધ પ્રકારના રાસ, વિષ્ણુસહસ્રનામ સ્તોત્રને આધારે નૃત્ય, કૃષ્ણની માખણલીલા, ગુજરાત ગૌરવ ગાથા, યોગાસન, વિવિધ રૂપકો, ગોપરાસ તથા મીરાંભજન જેવા વિવિધ પ્રકારના નૃત્યો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમ નિહાળીને ભાવિકજનો ખૂબ જ પ્રસન્ન થયા હતા. કાર્યક્રમમાં ભાગલેનારા બાળકો તથા બાલિકાઓને હૃદયની પ્રસન્નતા વ્યક્ત કરીને પૂજ્ય સ્વામીજીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ભક્તજનો દ્વારા નાના બાળકો તથા બાલિકાઓને પારિતોષિક અર્પણ કરીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સેમિનારની પૂર્ણાહુતિ પ્રસંગે પરમાર્થ નિકેતન આશ્રમ-ઋષિકેશના અધ્યક્ષ પૂજ્ય મુનિજી ચિદાનંદજી મહારાજે પધારીને પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. આ સેમિનારમાં સમાજના ઉપપ્રમુખ શ્રી વેલજીભાઈ વેકરીયાએ સભા સંચાલન કર્યું હતું. લંડન સ્થિત યુવાન ભાઈ-બહેનોએ ખૂબ જ જહેમત ઉઠાવીને પ્રસંગને શોભાવ્યો હતો. સભા મંડપના દ્વારે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય

અને ભક્તિને આધારે ખૂબ સુંદર મોન્યુમેન્ટ બનાવવામાં આવ્યું હતું. સંસ્થાની પ્રવૃત્તિનું દર્શન તથા સ્વાદિષ્ટ મહાપ્રસાદ પ્રાપ્ત કરીને સૌ ભક્તજનો પ્રસન્ન થયા હતા. હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારમાં ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તજનોએ હાજરી આપીને સંતદર્શન, કથાવાર્તા તથા વિવિધ આયોજનોનો લાભ લીધો હતો.

હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનાર, કાર્ડિફ

પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી વેલ્સ સ્થિત કાર્ડિફ સીટીમાં ત્રિદિનાત્મક હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી કચ્છી લેવા પટેલ સમાજમાં આયોજીત આ સેમિનારના મંગલ આરંભે વૈદિક મંત્રોના ગાન સાથે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંદેશ પાઠવતા સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે, "જીવન તો બધા જ જીવે છે પરંતુ સદ્‌ગુણોથી ભરેલું જીવન જ માનવજીવન તરીકે સાર્થક જીવન કહેવાય."

આ પ્રસંગે પૂજ્ય રામસુખદાસજી સ્વામીએ હિંદુ ધર્મની રીતિ પ્રમાણે 'પારીવારિક જીવન'ને આધારે પ્રેરક પ્રવચન કર્યું હતું. પૂજ્ય શ્રુતિવલ્લભદાસજી સ્વામીએ હિંદુધર્મના અનોખા ઈતિહાસને પ્રેઝન્ટેશન સાથે રજૂ કર્યું હતું. પૂજ્ય ભક્તિવેદાંતદાસજી સ્વામીએ ભક્તજનો સાથે પ્રશ્નોત્તરી કરી હતી. પૂજ્ય વિશ્વમંગલદાસજી સ્વામીએ અન્ય વ્યવસ્થાઓ કરી હતી. પાર્ષદ ઘનશ્યામ ભગતે સંકીર્તન દ્વારા ભક્તજનોને આનંદ કરાવ્યો હતો.

આ પ્રસંગે લંડનના યુવાનોએ દશાવતાર નૃત્ય રજૂ કર્યું હતું. સમાજમાં સેવા કરતા રાજેશભાઈ કેરાઈ, અનુપ કેરાઈ, વિલાસબેન કેરાઈ, રમેશભાઈ કેસરા, કિશોરભાઈ હિરાણી, પ્રકાશભાઈ ડબાસીયા, પ્રેમિલાબેન લાધાણી, કાનજીભાઈ કેરાઈ વગેરે ભાઈ-બહેનોએ ખૂબ જ સુંદર તૈયારીઓ કરી હતી. કાર્ડિફના સુપ્રસિદ્ધ ગાયક શ્રી વિશ્રામભાઈ વરસાણીએ સુંદર સભા સંચાલન કર્યું હતું. સેમિનારમાં પધારેલા તમામ ભક્તજનોને ભોજન પ્રસાદ અર્પણ કર્યો હતો. સભા મંડપનું સુંદર સુશોભન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાર્ડિફ નિવાસી ભાવિક ભક્તજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સેમિનારનો લાભ લીધો હતો.

★★★★

યુ.કે. સત્સંગયાત્રા દરમિયાન પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી લંડનના સુપ્રસિદ્ધ શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - કેન્ટન ખાતે પધાર્યા હતા. મંદિરના પ્રમુખશ્રી વિશ્રામભાઈ, ટ્રસ્ટીશ્રી ડી.એસ.પટેલ, ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ રાબડીયા, સેક્રેટરી શ્રી કાનજીભાઈ કેરાઈ, પુજારી શ્રી દિનેશભાઈ તથા મંદિરની વિવિધ કમિટીના સભ્યોએ સ્વામીશ્રી તથા સંતમંડળનું ભાવપૂર્ણ સ્વાગત કર્યું હતું. સાત દિવસના મુકામ દરમિયાન સ્વામીજીએ સત્સંગનો લાભ આપ્યો હતો. મંદિરમાં ચાલી રહેલ યુવક સભા, યોગસભા, બાલસભા, ઠાકરથાળી વગેરે વિવિધ પ્રવૃત્તિમાં સ્વામીજીએ ભક્તજનોને સત્સંગનો લાભ આપ્યો હતો.

ઈસ્ટલંડન ખાતે આવેલ શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરમાં પૂજ્ય સ્વામીજીએ પાંચ દિવસ દરમિયાન નિત્ય સભામાં કથાવાર્તાનો લાભ આપ્યો હતો. અહીં પ્રમુખશ્રી શામજીભાઈ વેકરીયા તથા કમિટીના સભ્યોએ વિવિધ આયોજનો કર્યા હતા.

વુલ્વીચ ખાતે આવેલ શ્રી રાધકૃષ્ણ મંદિરમાં પૂજ્ય સ્વામીજી પધાર્યા હતા. શનિવારે થતી હનુમાન ચાલીસામાં ભાગ લઈને સ્વામીજીએ પ્રસન્નતા વ્યક્ત કરી હતી. કથાવાર્તા દરમિયાન પૂજ્ય સ્વામીજીએ હિંદુધર્મના ગૌરવ અને ગરીમાની વાત કરી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તજનો કથાવાર્તાનું શ્રવણ કરીને અત્યંત પ્રસન્ન થયા હતા. આ દરમિયાન મંદિરની કમિટીના સભ્યો તેમજ ધનજીભાઈ વરસાણી અને રવજીભાઈ વેકરીયાએ સંતોની ખૂબ સારી સેવા કરી હતી.

શ્રી રાધાકૃષ્ણ મંદિરમાં યોજાયેલ સત્સંગ સભા, વુલ્વીચ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પરિવાર યુ.કે દ્વારા આયોજિત ગુરુપૂર્ણિમાં મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા ભક્તજનો, લંડન

નાઘેર પટેલ સમાજ સ્નેહમિલન, સુરત :- તારીખ ૩ જુલાઈના રોજ સુરત ખાતે શ્રી ઉના નાઘેર ગીરગઢડા પટેલ સમાજ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત નાઘેર પ્રદેશના આઠ હજારથી વધુ ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

ગુરુકુલમાં રસોઇ

અમદાવાદ ગુરુકુલ

પ.ભ. શ્રી દેવરાજભાઈ કેશવભાઈ ઘોડાસરા, અમદાવાદ
પ.ભ. શ્રી રસ્મીન ભીમજીભાઈ રાદડીયા, અમદાવાદ
પ.ભ. શ્રી રવજીભાઈ હિરાણી, લંડન
પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ ગંગદાસભાઈ પાંભર, નાના વડા
પ.ભ. શ્રી પ્રફુલભાઈ વીરજીભાઈ કાછડીયા, અમદાવાદ
પ.ભ.શ્રી માવજીભાઈ ખેતાભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી જગદીશચંદ્ર રતીલાલ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી રાજેશભાઈ પરશોત્તમભાઈ કથીરિયા, અમદાવાદ
પ.ભ. શ્રી અતુલભાઈ નરસિંહભાઈ પટેલ, અમેરિકા
પ.ભ. શ્રી નીધીબેન રસીકભાઈ પટેલ, અમેરિકા
પ.ભ. શ્રી ભાવેશભાઈ ગોરધનભાઈ પેથાણી, ગાંધીનગર
પ.ભ. શ્રી નિલેશભાઈ સોમચંદ્રભાઈ કોટક, અમદાવાદ
પ.ભ. શ્રી અપૂર્વ પ્રકાશભાઈ દવે, દુબઈ
પ.ભ. શ્રી મહેશભાઈ તથા અલ્કેશભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી હરિભાઈ મણિભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી જતીનભાઈ જસવંતભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી અશ્વિનભાઈ વઘાસિયા, રાજકોટ
પ.ભ. શ્રી સુરેશભાઈ વરસાણી, લંડન
પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ પટેલ, ખાંધલી

છારોડી ગુરુકુલ

પ.ભ. શ્રી કલ્પેશભાઈ બવાળીયા, અમદાવાદ
પ.ભ. શ્રી જય ચંદ્રકાંતભાઈ ગોહીલ, ગાંધીનગર
પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ ધંધુકિયા, દુબઈ
પ.ભ. શ્રી બલભદ્રસિંહજી ચુડાસમા, ગાંધીનગર
પ.ભ.શ્રી બીપીનભાઈ કીરીટભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ.શ્રી બ્રીજેશભાઈ પરશોત્તમભાઈ હિરપરા, અમદાવાદ
પ.ભ.શ્રી જીતેન્દ્રભાઈ આણદાણી, અમદાવાદ
પ.ભ. શ્રી હસમુખભાઈ પટેલ, કરજણ
પ.ભ. શ્રી કનુભાઈ જસાણી, ફાટસર
અ.નિ. રાઘવભાઈ માધાભાઈ વેકરિયા, અમદાવાદ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ - મેમનગર, અમદાવાદને આંગણે

પ્રારંભ
તા. 3 ઓગસ્ટ,૨૦૧૬
શ્રાવણ સુદ-૧

જ્ઞાનસત્ર ૪૦

પૂર્ણાહુતિ
તા. ૯ ઓગસ્ટ,૨૦૧૬
શ્રાવણ સુદ-૭

વહાલા સત્સંગપ્રેમી ભક્તજનો, જય શ્રી સ્વામિનારાયણ

પવિત્ર શ્રાવણ માસના પ્રારંભે અમદાવાદ ગુરુકુલ ખાતે મંગલ જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવેલ છે.

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ૪૦ વર્ષ પૂર્વે પ્રસ્થાપિત કરેલ આ જ્ઞાનસત્ર પરંપરામાં પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી વ્યાસાસને બિરાજી ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનને આધારે ભગવાન શ્રી સ્વામિનારાયણના પાવનકારી ચરીત્રોનું મધુરશૈલીમાં રસપાન કરાવશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની અપરિમિત કૃપા સ્વરૂપે પ્રગટેલા ગ્રંથરાજ વચનામૃતની સરળ રીતે સમજણ પ્રાપ્ત થાય એવા હેતુથી યુવાન સંતો તથા વિદ્વાન મહાનુભાવો દ્વારા વચનામૃત વ્યાખ્યાનમાળા તથા આબાલ-વૃદ્ધ સૌ ભાવિકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામા આવેલ છે.

આ જ્ઞાનસત્ર પ્રસંગે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામી વગેરે સંતો દ્વારા કથાવાર્તાનો લાભ પ્રાપ્ત થશે. ભક્તિ-જ્ઞાનસભર આ જ્ઞાનસત્રનો લાભ લેવા માટે આપને પરિવાર સહિત પધારવા ભાવભીનું નિમંત્રણ પાઠવીએ છીએ.

ગુરુકુલ ગૌરવ

ગુરુકુલના પૂતપૂર્વ વિદ્યાર્થી, સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર પીપળવા ગીરના વતની પ.ભ. શ્રી અશ્વિનભાઈ સુદાણીએ સતત ૭૫ કલાક વક્તવ્ય આપીને ગીનીસ બુક વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરી ગુરુકુલ તથા પોતાનું નામ ગૌરવંતું વનાવ્યું છે. તારીખ ૧૬ જૂન ભીમ એકાદશીના રોજ પ્રારંભ કરેલ પ્રવચન ૧૯ જુનના રોજ સતત ૭૫ કલાક બોલી પૂરુ કર્યું હતું. ભગવાન શ્રીહરિની અનન્ય કૃપા અને સંતોના આશીર્વાદ સાથે પ્રારંભ કરેલ આ પ્રવચન દરમિયાન ઊંઘ અને આહારનો સંપૂર્ણ ત્યાગ કરીને કેવળ ગમર પાણી પીને ૭૫ કલાક સુધી ૭૫ વિષયો ઉપર પ્રવચન આપેલ. સુરત ગુરુકુલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ત્રણ કેમેરા તથા ઓડીયન્સ, ડોક્ટર, વકીલ તથા ગીનીસ બુકના કાર્યકરોની સતત દેખરેખ હતી. આશ્વીન ભાઈની આ ઉપલબ્ધી બદલ SGVP ગુરુકુલ ખાતે આયોજિત ગુરુપૂર્ણિમા મહોત્સવ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા સદ્‌ગુરુ સંતોએ અશ્વિનભાઈને આશીર્વાદ પાઠવી ધન્યવાદ અર્પણ કર્યા હતા.

આગામી આયોજન

તા. ૩/૮/૧૬, બુધવાર : **શ્રાવણમાસં પ્રારંભ :** દરરોજ શિવ પૂજન, મેમનગર ગુરુકુલ.
તા. ૧૨/૮/૧૬, શુક્રવાર : **શ્રીહરિ જયંતિ:** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૬:૩૦ કલાકે
તા. ૧૪/૮/૧૬, રવિવાર : **પવિત્રા એકાદશી:** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ
તા. ૧૫/૮/૧૬, સોમવાર : **સ્વાતંત્ર્ય પર્વ:** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર. સમય સવારે ૭:૩૦ કલાકે
તા. ૨૫/૮/૧૬, ગુરુવાર : **જન્માષ્ટમી મહોત્સવ:** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર. સમય રાત્રે ૯ થી ૧૨:૩૦
તા. ૨૮/૮/૧૬, રવિવાર : **અજા એકાદશી :** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, મેમનગર ગુરુકુલ.
તા. ૩૧/૮/૧૬, બુધવાર : **પૂજ્ય જોગીસ્વામી પુન્યતિથિ:** સત્સંગ સભા, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ છારોડી. સાંજે ૫:૩૦ થી ૭

નોંધ :- ગુરુકુલ દર્શન મેગેજીન અંગે કોઈ પણ પ્રકારની ઈન્કવાઈરી હોય અથવા તો સરનામું બદલવું હોય તો માહીતી પોસ્ટકાર્ડ દ્વારા અથવા તો ઈ-મેઈલ (darshan@sgvp.org) દ્વારા જ મોકલવા વિનંતી.

પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં ઉજવાયેલ હિન્દુ લાઇફ સ્ટાઇલ સેમિનારમાં ઉપસ્થિત મહાનુભાવો તથા ભક્તજનો, લંડન

સંતોના સાનિધ્યમાં કાર્ડીફ ખાતે ઉજવાયેલ હિન્દુ લાઇફ સ્ટાઇલ સેમિનારમાં ઉપસ્થિત ભક્તજનો

પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર હેરો તથા જલારામ મંદિમાં આયોજિત સત્સંગ સભામાં ઉપસ્થિત ભક્તજનો, લંડન

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ SGVP દ્વારા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીના માર્ગદર્શન સાથે અમેરિકામાં સવાનાહ (જ્યોર્જીયા) ખાતે ૫૦ એકર જમીનનું સંપાદન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે આયોજિત મહાપૂજા તથા સત્સંગ સભામાં ઉપસ્થિત ભક્તજનો

પૂજ્ય સ્વામીજીના સાનિધ્યમાં ઉજવાયેલ હિન્દુ લાઇફ સ્ટાઇલ સેમિનારમાં ઉપસ્થિત ભક્તજનો, બોલ્ટન